# પ્રકરણ : ૪

# વર્ષા અડાલજાની કૃતિઓમાં નિરૂપિત

# સ્ત્રીવિષયક ભાવનાત્મક સંઘર્ષનું વિશ્લેષણ

# પ્રકરણ : ૪

# વર્ષા અડાલજાની કૃતિઓમાં નિરૂપિત સ્ત્રીવિષયક ભાવનાત્મક સંઘર્ષનું વિશ્લેષણ

સ્ત્રી તેના જીવનમાં ઘણી ભૂમિકાઓ ભજવે છે. તેને માતા, પત્ની, બહેન, પુત્રી, ભાભી, નણંદ અને અન્ય વિવિધ સંબંધો નિભાવવાના હોય છે. આ સાંસારિક કાર્યોની પૂર્તિ માટે તે અન્ય લોકોના સંસર્ગમાં આવે છે. આથી તેને એ વ્યક્તિઓ સાથે મતભેદ થવાની શક્યતાઓ વધી જાય છે. આ સંબંધોમાંથી પસાર થતી વખતે તે માનસિક ઘર્ષણનો ભોગ બને છે. આવા કપરા સમયે જો યોગ્ય વાતાવરણ મળે તો તે પરિસ્થિતિનો સામનો કરી શકે છે. એમાંથી માર્ગ કરીને બહાર આવી શકે છે. પરંતુ એ દરમ્યાન જો તે એકલી પડે તો પડી ભાંગે છે. વર્ષા અડાલજાની વાર્તાઓમાં આવી સ્ત્રીઓનું નિરૂપણ છે. તેમની નાયિકાઓ વિવિધ સંઘર્ષ અનુભવે છે.

સ્ત્રીની સાથે અમુક ઘટનાઓ બને છે તેમાંથી એક માનસિક માળખું રચાય છે. એ માળખામાંથી એક વિચાર જન્મે છે. આ વિચારને કારણે તેનું ચિત્ત અમુક પ્રતિક્રિયાઓ આપે છે. આ પ્રતિક્રિયાઓને કારણે સ્ત્રીના મનમાં ભાવના પેદા થાય છે. આની અસર તેના વર્તનમાં દેખાય છે. શારીરિક પરિવર્તનો પણ આને આભારી છે. અમુક ઘટનાઓ કે પાત્રો તેમાં ઉદ્દીપકનો ભાગ ભજવે છે. આથી સ્ત્રીની એ ભાવનાની અસર વધુ ઘેરી બને છે. સ્ત્રીના મનમાં ઉત્પન્ન થયેલી આ ભાવના ધીરે ધીરે વધીને તેની ટોચે પહોંચે છે. આ કારણે તે ચોક્કસ પ્રકારનું સંવેદન અનુભવે છે. સંવેદનોની અસર સારી અને ખરાબ હોઈ શકે છે. લાંબા સમયની કે અલ્પકાલીન હોઈ શકે છે. તેની અસર તેની તીવ્રતાને અનુસરીને જોઈ શકાય છે. આમ, ભાવનાત્મક સંઘર્ષની સમગ્ર પ્રક્રિયામાંથી નીપજતું પરિણામ એ સંવેદન છે.

આ સંવેદનોને બે પ્રકારે જોઈ શકાય છે: હકારાત્મક સંવેદનો અને નકારાત્મક સંવેદનો.

મનુષ્યના ચિત્તમાં ઉદ્દભવેલ સંવેદનો જો તેની સારી અસર બતાવે તો તે હકારાત્મક સંવેદન તરીકે ઓળખાય છે. આ સંવેદનો વ્યક્તિને ખુશ કરે છે. ખુશી અને આશ્ચર્યનો સમાવેશ હકારાત્મક સંવેદનમાં થાય છે.

સંવેદન જ્યારે તેની માઠી અસર બતાવે ત્યારે તેને નકારાત્મક સંવેદન કહેવાય છે. અમુક ઘટનાઓ એવી હોય છે જે વ્યક્તિની સમગ્ર ચેતનાને હલબલાવી મૂકે છે. આના લીધે તે સંઘર્ષનો અનુભવ કરે છે. આની અસરો મનુષ્યની ચેતના પર વિપરીત રીતે થાય છે. નકારાત્મક સંવેદનોને કારણે મનુષ્યની માનસિક સ્થિતિ બગડે છે. તે હતાશામાં સરી પડે છે. નકારાત્મક સંવેદનોમાં ઉદાસી, ડર, ક્રોધ અને ધૃણાનો સમાવેશ થાય છે. આ સંવેદનો વ્યક્તિના મનમાં નફરત, ઈર્ષ્યા, ધિક્કારની લાગણી જન્માવે છે.

આ પ્રકરણમાં વાર્તાકારની પસંદ કરેલી ૭૬ વાર્તાઓનો અભ્યાસ કર્યો છે. તેમાં સ્ત્રીપાત્રોને જે સંઘર્ષનો સામનો કરવાનો આવે છે તેની વિગતે વાત પ્રકરણ-૩માં કરી છે. સ્ત્રીપાત્રોને અનુભવાતા ભાવનાત્મક સંઘર્ષને કારણે જે સંવેદનો ઉત્પન્ન થાય છે તેનો અભ્યાસ અહીં અભિપ્રેત છે. જે ૯ સંવેદનો આ પ્રકારે છે: ભય, ગુસ્સો, ઇચ્છા, પીડા, ઉદાસી, ધૃણા, અફસોસ, તિરસ્કાર અને ઈર્ષ્યા. સ્ત્રી સમાજનું એક અભિન્ન અંગ છે. જે સમાજનું એ પ્રતિનિધિત્વ કરે છે એ સમાજમાંથી જ એને આ દરેક લાગણીનો પ્રત્યક્ષ અને પરોક્ષ અનુભવ થાય છે. માનવીય સંબંધોને કારણે સુખ, દુ:ખ, હતાશા, વેર, ધૃણા વગેરે જેવા ભાવો તે અનુભવે છે.

## જૂથ-૧: પીડા

આ જૂથમાં સ્ત્રીને થતી માનસિક પીડાની રજૂઆત છે. જ્યારે સ્ત્રીની અન્ય વ્યક્તિ તરફથી માનહાનિ કરવામાં આવે કે અણગમતું વર્તન કરવામાં આવે ત્યારે દુ:ખ થાય છે. એ તકલીફ કોઈને કહી કે સહી શકાય એમ ન હોવાથી માનસિક ક્ષતિ પહોંચે છે. આ કારણે સ્ત્રીને

વેદના થાય છે. પ્રિય વસ્તુ કે સ્વજન ગુમાવ્યાની વેદના સહન ન થાય ત્યારે સ્ત્રી દુ:ખી થાય છે. જેને પોતાના માનીને સર્વસ્વ સોંપ્યું હોય તે દગો કરે ત્યારે પીડા થાય છે. જીવનમાં શૂન્યતા અને ખાલીપો આવે ત્યારે માનસિક તણાવને કારણે સ્ત્રી પીડિત થાય છે. ઇચ્છિત ફળ ન મળવું એ પણ પીડાનું એક મહત્ત્વનું કારણ છે.

પીડા ભોગવતી સ્ત્રીની માનસિક પરિસ્થિતિમાં ફેરફારો આવે છે. તેને રડવું આવે છે. અન્ય સાથે વાત કરવાનું ગમતું નથી. કોઈની વાત સાચી લાગતી નથી. હતાશામાં તે અનુભવે છે કે દુનિયામાં તેનું કોઈ સ્વજન નથી. આવી સ્ત્રીને જીવનમાં સાર લાગતો નથી. નિરાશાને કારણે તે પોતાનું જીવન ટૂંકાવી દેવા તૈયાર થાય છે.

આ જૂથમાં પીડાનું સંવેદન અનુભવતી સ્ત્રીઓની વાત છે. પસંદ કરેલ વાર્તાઓમાંથી ૨૬ વાર્તાઓમાં પીડિત સ્ત્રીઓની દશા વર્ણવી છે. સંતાનપ્રાપ્તિ ન થવાને કારણે ટળવળતી સ્ત્રીઓની વેદના છે. સ્વજનોએ જાકારો આપ્યા પછીની સ્ત્રીની યાતના રજૂ થઈ છે. પોતે ઘસાઈને પતિને સાથ આપ્યા પછી પતિ તરફથી અવહેલના પામતી સ્ત્રીની સમસ્યાઓને સ્થાન મળ્યું છે. યુવાનીમાં જ પતિની બેવફાઈનો ભોગ બની હતાશ થતી સ્ત્રીની પીડા રજૂ થઈ છે. પોતાનો કોઈ વાંક ન હોવા છતાં ત્યક્તાનું બિરુદ પામતી સ્ત્રીના પ્રશ્નો ચર્ચાયા છે.

સમાજમાં નીચલા વર્ગની સ્ત્રીઓને જ નહીં, શિક્ષિત અને પગભર સ્ત્રીઓને પણ પતિના હાથનો માર ખાવો પડે છે એ કટુ હકીકત આ જૂથની વાર્તાઓમાં રજૂ થઈ છે. પોતાના પગ ઉપર ઊભેલી સ્ત્રીની પરિસ્થિતિ એવી હોય છે કે વાત કોઈને કહી પણ શકતી નથી. તમાચો મારીને ગાલ લાલ રાખતી સ્ત્રીની પીડાનું હૃદયસ્પર્શી આલેખન અહીં થયું છે. બળાત્કારની વેદના કરતાં પણ વધુ અપમાનની આગમાં શેકાતી સ્ત્રીઓનું આત્મસન્માન વેચાઈ જાય છે. આ જૂથની પીડાનો અનુભવ કરતી સ્ત્રીઓની વાર્તાઓને જોઈએ.

**'સાક્ષી' (સાંજને ઉંબર, ૧૯૮૩)**

રોઝા મોટી ઉંમરે ગર્ભવતી થાય છે. રોઝાનો પતિ રેલવેમાં કંડક્ટર છે. એક અકસ્માતમાં તેના બંને પગ કપાઈ જાય છે. કમાણીનું કોઈ સાધન ન હોવાને લીધે તે ઉદાસ છે. તેની આશાનો છેલ્લો તંતુ આવનાર બાળક જ છે. નવજાત બાળકી એક પગ સાથે જન્મે છે એથી એની વેદના વધી જાય છે.

**'પ્રેમગલી અતિ સાંકરી' (સાંજને ઉંબર, ૧૯૮૩)**

સીમા માતા બનવા ઇચ્છે છે. તેના નવજાત શિશુનું મૃત્યુ થાય છે. આવું બીજી વાર પણ બને છે. આ દુ:ખને ભૂલવા તે અન્ય પ્રવૃત્તિમાં જોડાય છે. તેનો એ પ્રયત્ન નિષ્ફળ જતાં નિરાશ થાય છે. તેના મનમાં ફરી માતૃત્વ મળશે કે નહીં એવો પ્રશ્ન ઊભો થાય છે. સીમા ડૉક્ટર પાસેથી જાણે છે કે ભવિષ્યમાં તે મા બની શકે એમ નથી. આ સ્થિતિમાં તેના પતિ એક પ્રસ્તાવ મૂકે છે. તે સીમાને બાળક દત્તક લેવા સૂચવે છે. સીમા આ પ્રસ્તાવને સહજ રીતે સ્વીકારી શકતી નથી. તેની પીડા વધે છે. તેના જીવનનો શૂન્યાવકાશ આ વાક્યમાં દેખાય છે,

"-હવે ધીમે ધીમે એક અજબ પ્રકારનો ખાલીપો હું અનુભવવા લાગી હતી. ઊંડા... ઊંડા... તળિયા વિનાના કોઈ અવાવરુ કૂવા જેવો ખાલીપો." (પૃ. ૧૨૨)

**'સાંજને ઉંબર' (સાંજને ઉંબર, ૧૯૮૩)**

ઝૂંપડપટ્ટીમાં રહેતી રેવાને બાળપણના ભેરુ ભીખુ સાથે લગ્ન કરવા છે. ભીખુ પણ તેને પ્રેમ કરે છે. એકવાર અજાણ્યા પુરુષની વાસનાનો ભોગ બનેલી રેવાને ગર્ભ રહી જાય છે. ભીખુએ કહ્યા મુજબ તે ગર્ભપાત માટેના પ્રયાસો પણ કરે છે. તેમાં નિષ્ફળતા મળતાં નિરાશ થાય છે. બાળકનાં જન્મ બાદ ભીખુ અચાનક તેને છોડીને ચાલ્યો જાય છે. ભીખુ સાથે લગ્ન કરવાની ઇચ્છા પૂરી ન થવાથી તે દુ:ખી થાય છે. આ બાળકને કારણે જ ભીખુ તેને છોડીને ગયો છે એ વાત સમજતી રેવા બાળકને તિરસ્કારે છે. તે બાળકને ત્યજી દેવા તૈયાર થાય છે. રેવાને

યાદ આવે છે કે પોતે માને જીવનભર ધિક્કારતી હતી. પોતાને નાની મૂકીને ભાગી જવા બદલ માને ગાળો દેતી હતી, તેવી જ રીતે આ બાળક પણ પોતાને નહીં ધિક્કારે? આવો વિચાર આવતા જ તેની પીડા વધી જાય છે. આ વિધાનમાં તેનો બાળક તરફનો તિરસ્કાર દેખાય છે:

"હવે એની પાસે શું બચ્યું હતું? આ અંધારી ઝૂંપડીમાં કોથળામાં સાપની જેમ સળવળાટ કરતું છોકરું. એના ઝેરી ડંખથી તો સઘળો સર્વનાશ થઈ ગયો હતો." (પૃ. ૧૭૯)

"છટ નરકનું જંતુ ખદબદશે. આપમેળે મોટું થશે. ફૂટપાથ પર હજારો અનાથ છોકરાઓ મોટા થઈ જાય છે. એ પણ થશે." (પૃ. ૧૮૪)

**'હરિ મને આપો એકાદી એંધાણી' (એંધાણી, ૧૯૮૯)**

રૂપા સુખી ઘરની પુત્રવધૂ છે. પરિવારમાં પ્રેમાળ પતિ સુબોધ છે. નાનું બાળક અને સ્નેહાળ સાસુ છે. અચાનક સુબોધ જાણે છે કે રૂપાને રક્તપિત્ત નામનો રોગ થયો છે. આ વાત જાણતાં જ પરિવારજનોની તેની તરફની દૃષ્ટિ બદલાઈ જાય છે. સાસુ બાળકને એની પાસેથી છીનવી લે છે. સુબોધ છાનોમાનો તેને આશ્રમમાં મૂકી આવે છે. જેમને પોતાનાં માન્યાં તે જ પરિવારજનોનાં લાગણીહીન વર્તનને કારણે રૂપા વ્યથિત થાય છે. આશ્રમમાં તેને જાણ થાય છે કે તેનો રોગ પ્રાથમિક કક્ષાનો છે, તેનો ઇલાજ શક્ય છે. આ વાતની સુબોધને ખબર હતી એમ જાણતાં રૂપાની પીડા ચરમસીમાએ પહોંચે છે.

આશ્રમમાં રૂપા દર્દીઓની નિઃસ્વાર્થ ભાવે સેવા થતી જુએ છે. દીદી અકિંચન ભાવે એવા દર્દીઓની કાળજી કરે છે, જેમને પોતાનાં સ્વજનોએ જાકારો આપ્યો છે. ડોક્ટરો અને કાર્યકરોએ સેવાનો ભેખ ધારણ કરી લીધો છે. રૂપા વિચારે છે શા માટે તેઓ દર્દીઓની ચાકરી કરે છે? શું તેમને આ રોગ આભડી જવાની દહેશત નહીં હોય? જ્યારે લોહીના સંબંધે બંધાયેલા અને પિંડના દીકરાઓ દર્દીને અહીં સડવા માટે છોડી જાય છે ત્યારે તેઓ શા માટે તેમને હૂંફ અને પ્રેમ આપે છે? આ પ્રશ્નોના ઉત્તરો ન મળતા તેની મથામણ વધે છે.

**'કેટલીક મધુર ક્ષણો' (એંધાણી, ૧૯૮૯)**

સુજાતા લગ્ન પછી અમેરિકા સ્થાયી થઈ છે. પાંચ વર્ષ પછી તે ભારત પાછી આવે છે. જૂની બહેનપણીઓ સાથે એક દિવસ ખુશીમાં વીતે છે. બીજા દિવસે સુજાતાનો જન્મદિવસ હોય છે. ત્યારે તે મિત્રોને પોતાના બાળક રાહુલ વિશે જણાવે છે. રાહુલ માનસિક અને શારીરિક રીતે અપંગ છે એ વાત જણાવતાં તેની વેદના રજૂ થાય છે. ગીતા સાથે વાત કરતાં એ કહે છે:

"ના ના ગીતા, એ જીવે છે, માત્ર શ્વાસ ચાલે છે એટલું જ." (પૃ. ૫૦)

આ વાત સાથે જ તે જણાવે છે કે રાહુલને કારણે દંપતી ક્યાંય જઈ શકતું નથી. કોઈની પાસે રાહુલને મૂકતાં તેને કડવા અનુભવ થયા છે. તેમનું સાંસારિક જીવન જેવું કશું રહ્યું જ નથી. આ વાક્યમાં તેની વેદના રજૂ થાય છે:

"ખરું કહું? ક્યાંય બહાર જઈ શકાતું નથી... પણ બે-ત્રણ વખત ખૂબ ખરાબ અનુભવ થયા... પેલી બેબીસીટરના નશાબાજ દોસ્તારે રાહુલના પેટે સળગતી સિગારેટ ચાંપી ડામ..." (પૃ. ૫૨-૫૩)

**'ભાગ્યનું લખત' (એંધાણી, ૧૯૮૯)**

રામવતી અને રાજરાણી દલિત પરિવારની યુવતીઓ છે. રામવતીની નજર સામે જ તેની નણંદ રાજરાણી પર ગામનો જમીનદાર બળાત્કાર કરે છે. બન્ને ડરી જાય છે. તેનો ભાઈ જગદેવ ક્રોધે ભરાઈને ફરિયાદ લખાવવાનું વિચારે છે. તેનો ઘરડો બાપ તેને શાંત કરીને પોતાની આપવીતી કહે છે. યુવાનીમાં તેની મા ઉપર જમીનદારના બાપે પોતાની નજર સામે જ બાળાત્કાર કરેલો. આ લોકોની સામે પડવાનો કોઈ ફાયદો નથી એમ સમજતી રાજરાણીને કષ્ટ થાય છે. પુરુષોના અણગમતા સ્પર્શે તેની પીડા અને ડર વધારી દીધાં છે.

"છેક સાંજે બારણું ખખડ્યું. માંડ જ પેલી રાજરાણી ચીસ પડી બેઠી થઈ ગઈ. ઓરડાના ઘૂંટાતા અંધકારમાં ત્રણ-ચાર કાળા તગડા પુરુષો એની પર ઝળૂંબતા હોય એમ અંધકારના ચોસલાંઓ એને ભીંસી રહ્યાં." (પૃ. ૧૯૬)

**'બે સ્ત્રીઓ' (બીલીપત્રનું ચોથું પાન, ૧૯૯૪)**

ચંદ્રાબહેન જાણે છે કે પતિને અન્ય સ્ત્રી સાથે સંબંધ છે. નિરાશ થયેલ ચંદ્રાબહેન એ પીડા ભૂલીને નવજીવનનો પ્રારંભ કરે છે. એ સ્વમાનભેર પુત્ર અનિલને ઉછેરે છે. અનિલની પ્રેમિકા સુમતિને ભાવિ પુત્રવધૂ તરીકે સ્વીકારે છે. એકવાર તેમને અનિલના કબાટમાંથી દારૂની બોટલો, રૂપિયાની નોટોનાં બંડલો અને સુંદર યુવતીની તસ્વીરો મળે છે. તે સમજી જાય છે કે અનિલ પણ પતિની જેમ આડે રસ્તે ચાલ્યો ગયો છે. પુત્ર પણ પતિ જેવો જ નીકળ્યો આ વાત તેમની પીડાને વધારે છે.

**'જોડકું' (અનુરાધા, ૨003)**

નંદિનીને પ્રથમ ખોળે બે દીકરીઓ અવતરી છે. પતિ સમીર અને સાસુને પુત્ર જન્મે તેવી આશા છે. જોડિયાં દીકરીઓ માટે તેમને કોઈ લાગણી નથી. પુત્રીઓ માટે ઘરમાં કોઈ સદસ્યને ઉમળકો નથી એ જોઈ નંદિની ઉદાસ થાય છે. તે અનુભવે છે કે દીકરીઓના જન્મ બાદ વિચારેલા બધા કાર્યક્રમો તો થાય છે. પરંતુ, તે મન વગરના છે. તેની ઉદાસી ઘેરી થાય છે. પરિવારના જૂનવાણી વિચારો નંદિનીને પીડા આપે છે. તેની પીડાની ચરમસીમા ત્યારે આવે છે જ્યારે પુત્રની ઘેલછા માટે પતિ તેને એક તમાચો મારી દે છે. આ વાક્યમાં તેની વેદના રજૂ થઈ છે:

"નણંદો અને સાસુએ જે આનંદથી ઊછળી ઊછળીને જે ઉજવણીના કાર્યક્રમો ઘડેલા તેમાંનું... નંદિનીએ કશો અપરાધ કર્યો છે. જાણે કશી અજુગતી ઘટના બની ગઈ છે જેનાથી સૌનું જીવન બદલાઈ ગયું છે." (પૃ. ૪૩-૪૪)

**'આંધી' (અનુરાધા, ૨૦૦૩)**

વિદ્યા માટે અમેરિકાથી મિહિરનું માગું આવે છે. વિદ્યા સુખી લગ્નજીવનનું સ્વપ્ન જુએ છે. મિહિર પહેલાથી પરિણીત છે એ વાત વિદ્યા અમેરિકા જઈને જાણે છે. પોતાની સાથે દગો થયો છે એમ જાણતાં જ વિદ્યા નિરાશ થાય છે. મિહિર રોજ નશો કરીને વિદ્યા સાથે મારપીટ કરે છે. અસહ્ય ત્રાસથી થાકેલી વિદ્યા છાનીમાની સ્વદેશ ભાગી આવે છે. મિહિર પ્રત્યે થયેલ સંઘર્ષનું એ જાતે નિવારણ લાવે છે. ઘણી મુશ્કેલીથી એ પુત્ર સિદ્ધાર્થને મોટો કરે છે. પણ યુવાન સિદ્ધાર્થ મિહિરનું જ પ્રતિબિંબ નીકળે છે. તે બેજવાબદાર બનીને વિદ્યાને ઉદ્ધત જવાબો આપે છે. સિદ્ધાર્થ મોટો થઈને તેનો સહારો બનશે એવી ભવિષ્યની સુખદ કલ્પના પૂરી ન થતાં તેને પીડા થાય છે.

**'વાવલી' (કોઈ વાર થાય કે..., ૨૦૦૪)**

હિના પરણીને આવતાં જ નોકરી કરે છે. તેનો આશય પોતે પગભર થવાનો છે. આ સાથે હિનાની ઇચ્છા છે કે પોતે પિતાને થોડી આર્થિક મદદ કરે. હિનાએ પગાર સાસુના હાથમાં સોંપી દેવો પડે છે. પિયરમાં ટેકો કરવાની તેની ભાવના પૂરી ન થતાં તે નિરાશ થાય છે. પતિ સાથે આ બાબતે વાત ન કરી શકવાથી તે ખિન્ન બને છે. હિનાને પોતાનાં અરમાનો જ પૂરાં કરવાનો પ્રશ્ન હોય ત્યારે પિયરમાં મદદ કઈ રીતે કરી શકે? પોતાને પગભર બનાવનાર પિતાને તે સામાન્ય મદદ પણ નથી કરી શકતી એથી તેની પીડા વધે છે.

"પહેલે દિવસે અપાઈ ગયેલું પગારનું કવર ફરી કદી એના હાથમાં આવ્યું જ નહીં... મારે મારા પપ્પા મમ્મીને પૈસા આપવા છે એવું કેમે કરીને બોલી ન શકી... શું પરણેલી સ્ત્રી પાસે એના અંગત કહેવાય એવા પૈસા ન હોઈ શકે?" (પૃ. ૩૯)

**'બ્લાસ્ટ' (તને સાચવે પારવતી, ૨૦૧૦)**

કીશુબહેન પતિ સાથે બાવીસ વર્ષો પહેલાં યુ. કે. જઈ વસ્યાં છે. પતિ જે. ડી.ની વિદાય પછી એકલા હાથે એકની એક દીકરી રીટાને ઉછેરી છે. એક દિવસ યુવાન થયેલી રીટા ધડાકો કરે છે કે તે એક મુસ્લિમ યુવકને ચાહે છે. કીશુબહેન આઘાત પામે છે. તે રીટાને સમજાવવાની ખૂબ કોશિશ કરે છે કે ઇરફાનની જીવન શૈલી અને ધર્મ અલગ છે અને રીટા એની સાથે સુખી નહીં થાય, પણ રીટા નામક્કર જાય છે. કીશુબહેન ક્રોધે ભરાય છે. રીટાએ વિધર્મી યુવાનને પસંદ કર્યો છે એ વાતે તે પીડા અને ક્રોધ અનુભવે છે.

"પણ મુસ્લિમ! નકરા ધર્માંધ અને ઝનૂની એક પૂરી દીકરી ઊંડા કૂવામાં ભૂસકો મારી રહી હતી અને એ કશું કરી શકે એમ નહોતા." (પૃ. ૬૬)

વાર્તામાં રીટાનો માતા તરફનો રોષ પણ દેખાય છે. રીટા સમજી નથી શકતી કે શા માટે માતાને ઇરફાન માટે દ્વેષ છે. આથી તે પોતાને લેવા મુંબઈ સુધી આવેલ કીશુબહેન પર ક્રોધે ભરાઈ જાય છે. રીટાના શબ્દોમાં તેનો માતા તરફનો ક્રોધ છે. જુઓ:

"ગુસ્સો તો એવો આવે છે કે આ ચાની ટ્રે તારા પર જસ્ટ પર ઈંટ. યશ, ભલે તું દાઝે. મને એ સમજ નથી આવતું વ્હાય યુ વૉન્ટ ટુ મેઇક મી ઝેરોક્સ કોપી ઑફ યોરસેલ્ફ?... વ્હાય બટ વ્હાય?"(પૃ. ૭૦)

**'અદૃશ્ય રેખા' (તને સાચવે પારવતી, ૨૦૧૦)**

અનુબહેન જયકિશન સાથે પરણી રાજકોટથી મુંબઈ આવે છે. બે ઓરડામાં સંસાર વસાવે છે. જયકિશનને નોકરી છોડી ધંધો કરવાની હિંમત બંધાવે છે. પોતાના દાગીના વેચીને જયકિશનને મદદ કરે છે. ધીરે ધીરે જયકિશનનો ધંધો વિસ્તરતો જાય છે. તે અનુબહેનથી દૂર થવા લાગે છે. જયકિશનની દૂરીથી અનુબહેન ઉદાસ થાય છે. કિશોર બનેલાં બાળકો અંગ્રેજી ભાષામાં ભણે છે. મોબાઈલ અને ઇન્ટરનેટની દુનિયામાં ખોવાવા લાગે છે.

બાળકો અને પતિને તે દેશી અને અણઘડ લાગે છે. એકલાં પડેલાં અનુબહેન દુ:ખી થાય છે. પોતાના જ સંસારમાં થતી અવહેલનાને કારણે તેમની પીડા વધે છે.

**'લોલક' (તને સાચવે પારવતી, ૨૦૧૦)**

નાનુમા પોતાની દીકરી સુધાને ઘરે રહેવા જાય છે. તેમને કશુંક અજુગતું બન્યું હોય એમ લાગે છે. સુધા પાસેથી તે જાણે છે કે પોતાની વહુને એક બાળકી છે. આથી પતિ-પત્ની ગર્ભનો નિકાલ કરવા માગે છે. આ જાણી નાનુમા આઘાત પામે છે. તે સુધાને ઘરેથી ચાલ્યા જાય છે અને એક પત્ર મૂકી જાય છે. જેના લખાણમાં તેમની પીડા દેખાય છે.

"-પણ કશુંક ભયંકર થઈ રહ્યું છે એ વિચારે હું ધ્રૂજતી હતી... કાશ્મીરાબાએ છાતી ફાટી જાય એવી ચીસ પાડી અને બાપુના પગમાં પડ્યા, પણ બાપુએ એને જે લાત મારી!... એક નાનકડો રૂપાળો લીલીછમ્મ ડાળ જેવો હાથ ઊંચો થયો અને ધીમે ધીમે એય ડૂબી ગયો." (પૃ. ૯૦)

**'ઉંબર પર' (તને સાચવે પારવતી, ૨૦૧૦)**

રાજુલનાં લગ્નને વીસ વર્ષ થયાં છે. રાજુલને ઘરમાં સુશોભન કરવાનો અને વ્યવસ્થિત રાખવાનો શોખ છે. ઘરની દરેક ગોઠવણમાં તેનો શોખ કેળવાયેલો જોવા મળે છે. રાજુલ અને ઘર એકાકાર થઈ ગયાં છે. તેણે પોતાની દીકરી રુચિને પણ સ્વચ્છતાના પાઠ ભણાવ્યા છે. એકવાર તે બે મહિના માટે અમેરિકા જાય છે. અચાનક પરત ફરેલી રાજુલ પોતાની વસ્તુઓને અસ્તવ્યસ્ત જોઈને ઊકળી ઊઠે છે. તે નિરાશ થાય છે. બાળકોને પૂછવાથી તે જાણે છે કે તેની ગેરહાજરીમાં નણંદ મિતાલી દોઢ મહિના સુધી અહીં રહી હતી. રાજુલ આ વાત ન જાણે તે માટે પતિ કશ્યપે બાળકોને આદેશ આપ્યો હતો. આ વાત જાણી તે કશ્યપ પર ક્રોધે ભરાય છે. કશ્યપનો શબ્દ 'મારું ઘર' સાંભળી એનો ક્રોધ પીડામાં ફેરવાય છે.

"મારા ઘરમાં કોઈ રહે અને મને પૂછવાનું તો જરૂરી ન લાગ્યું, પણ છુપાવવાનું? તને ડર તો હતો જ ને કે મારી ગેરહાજરીમાં ઘરના હાલ થશે..." - "મારી બહેનને મારા ઘરમાં રાખવા તારી પરમિશન લેવાની મારે?" (પૃ. ૧૪૦)

નાયિકા આજે અનુભવે છે કે વર્ષો સુધી જેને પોતાનું ઘર માનતી હતી તે ઘર તો પોતાનું હતું જ નહીં. આ વાતે સંઘર્ષ પામેલી તે પોતાને આજે ફરીથી ઉંબર પર, પાનેતરમાં ઊભેલી નવોઢા બનીને ગૃહપ્રવેશની રાહ જોતી હોય એમ અનુભવે છે. પોતાની મહેનત અને વર્ષો વેડફાઈ ગયાનો તેનો અફસોસ દેખાય છે.

**'કચૂડાટ' (તને સાચવે પારવતી, ૨૦૧૦)**

કાદંબરી પ્રૌઢ વયની સ્ત્રીની છે. પતિ મુકુંદ અને પુત્રી પૂજા સાથે રહે છે. પૂજા કુમાર સાથે લગ્ન કરીને ન્યૂઝીલેન્ડ સ્થાયી થાય છે. પૂજાએ પોતાની સલાહ લીધા વિના બધું નક્કી કર્યું એ વાતથી કાદંબરી નિરાશ થાય છે. પૂજા અને કુમાર તેને ત્યાં આવવા ખૂબ આગ્રહ કરે છે. પણ તે જતી નથી અને મુકુંદને જવા દેતી નથી. કાદંબરી એટલી કઠોર નીકળે છે કે પૂજાની સુવાવડ સમયે પણ નથી જતી. પૂજાએ પુત્રને જન્મ આપ્યો તે જ દિવસે મુકુંદને હાર્ટએટેક આવવાથી તેનું મૃત્યુ થાય છે. તેની જીદ અને અહં તેને અને દીકરીને ઘણાં વર્ષો સુધી નડ્યો. હવે તે એકલી રહી ગઈ છે. પૂજા તરફનો રોષ અને એકલતાની પીડા વાર્તામાં દેખાય છે.

"ધીમે ધીમે ઘર ખાલી થઈ ગયું. સૌ પોતાનામાં વ્યસ્ત થઈ ગયા. જેનો ડર હતો તે એકલી પડી. એકાંત તેને હિંસક પશુની જેમ ડરાવતું. એ ત્રસ્ત થઈ જતી." (પૃ. ૧૬૦)

એકવાર ઘરની સફાઈ કરતાં તેને પતિએ સંતાડી રાખેલા પૂજા અને કુમારના ફોટા મળે છે. તે જાણે છે કે પોતાને દુઃખ ન થાય તે માટે મુકુંદે આ બધું છૂપાવીને રાખેલું. આ

જાણી તેને અફસોસ થાય છે. પોતાનો અહંકાર જ મુકુંદને ગળી ગયો એ સમજાતા પશ્ચાતાપ થાય છે.

**'અવાજોનું ઘર' (સાંજને ઉંબર, ૧૯૮૩)**

મધુબહેન વૃદ્ધાવસ્થાએ પહોંચ્યા છે. પતિનું મૃત્યુ થયું છે. પુત્ર પદ્મ પરદેશમાં વસ્યો છે. દીકરીઓનાં લગ્ન થઈ ગયાં છે. મોટા ઘરમાં તે એકલા પડ્યાં છે. એકલતાને કારણે હતાશ થાય છે. દીકરીઓએ તેમને પોતાની નજીક રહેવા સલાહ આપી છે. પતિએ સ્નેહથી વસાવેલું ઘર ખાલી કરતાં તેમને અકળામણ થાય છે. જે ઘર સાથે માયાના તંતુથી બંધાયેલાં છે તેનાથી દૂર જવાની વાતથી તેમની પીડા વધે છે.

**'સ્મૃતિની ફિંગરપ્રિન્ટ' (એંધાણી, ૧૯૮૯)**

સુરેખા મિત્રના લગ્નમાં આવી છે. તેને પોતાનાં લગ્ન યાદ આવે છે. પતિ પ્રકાશ તેને ઉત્કટતાથી ચાહતો હતો. ટૂંકા લગ્નગાળામાં જ પ્રકાશનું મૃત્યુ થયું હતું. અમુક સમય બાદ પ્રકાશનો મિત્ર અરુણ તેને લગ્ન માટે પૂછે છે. તે સમયે સુરેખાને પ્રકાશની જીવંતતાનો અનુભવ થાય છે. પ્રકાશના મૃત્યુને કારણે દુ:ખી સુરેખાની પીડા વધુ ઘેરી બને છે.

**'ચૌદમી પૂતળીની વાર્તા' (બીલીપત્રનું ચોથું પાન, ૧૯૯૪)**

રાજાને ટીંબા પરથી એક સિંહાસન મળ્યું છે. રાજા તેની ઉપર આરૂઢ થવા આતુર છે. તે રોજ આ માટેના પ્રયાસો કરતા રહે છે. તેના પાયામાં જડાયેલી સ્ત્રીદેહધારી પૂતળીઓ તેને એમ કરતાં રોકે છે. તે રોજ રાજા સાથે ચર્ચા કરે છે. ચૌદમી પૂતળીનો વારો આવતા રાજા તેને બંદીવાન બનાવી લે છે. આ જોઈ અન્ય પૂતળીઓ સ્વબચાવ માટે પાયામાં જ જડાઈ જાય છે. પૂતળી સિંહાસનનું રક્ષણ તો કરી શકે પણ તેની પર બેસી ન શકે આ વિચારે તેને પીડા થાય છે. પુરુષસત્તાક સમાજના નિયમો અને તેને સ્વીકારી લેવાની સ્ત્રીઓની માનસિકતા તેની પીડામાં ઉમેરો કરે છે.

**'ઘંટી' (ગાંઠે બાંધ્યું આકાશ, ૧૯૯૮)**

હેમા એક ગૃહિણી છે. તેની માટે પતિ, બાળકો અને તેનો સંસાર જ સર્વસ્વ છે. શૈલેષ બે જોડિયાં દીકરીઓને સાચવવાની કોઈ જવાબદારી લેતો નથી. હેમા થાકી જાય છે. એકવાર શૈલેષને ફ્રેકચર થાય છે. તે દવાખાનામાંથી રોજ ભોજનમાં નવી નવી ફરમાઈશો મૂક્યા કરે છે. હેમા પોતાની ફરજ નિભાવવા માટે આખો દિવસ ઘાણીના બળદની જેમ પીસાયા કરે છે. શૈલેષ બે અક્ષર સારા કહેવાને બદલે બહેન સામે તેની નિંદા કરે છે. પ્રશંસાને બદલે ટીકા મળતા અકળાયેલી હેમા પીડા અનુભવે છે.

**'લાંબી ધીમી તપતી બપોર' (અનુરાધા, ૨૦૦૩)**

વંદનાને પતિ શાંતિલાલનો ખૂબ ત્રાસ છે. સાવકી સાસુ તેને આખો દિવસ કામ કરાવે છે. શાંતિલાલ તેને રોજ મારે છે અને પિયરનું સોનું પણ વેચી નાખે છે. એક દિવસ સાસુ મોટી માગણીઓ સાથે તેને પિયર મૂકી જાય છે. પિયરને પોતાનું આશ્રયસ્થાન સમજતી વંદના ખુશ થાય છે. પણ તેનો વિશ્વાસ ખોટો પડે છે. વંદનાને બધાં શકની નજરે જુએ છે. તે નિરાશ થાય છે. પિતાના ઘરે પણ સુખ નથી અને તેનું આ ઘરમાં કોઈ સ્થાન નથી એ વાતથી તેની પીડા બમણી થાય છે.

"અર્થ એ સમજતી હતી. પરણેલી દીકરી ઘરમાં હોય એ ઘરના માટે શરમજનક વાત હતી. કદાચ માલતીનાં લગ્નમાં વિઘ્ન બનીને ઊભી રહે તો! હજી બીજી નાનીબહેન અને ભાઈ બાકી હતાં." (પૃ. ૧૪૧)

શાંતિલાલથી કંટાળેલી વંદના છૂટાછેડા માટે અરજી કરે છે. કોર્ટમાં તેને પુરુષ વકીલોના કડવા અનુભવ થાય છે. વકીલો દ્વારા પૂછાતા અર્થહીન સવાલો અને વાહિયાત સલાહો તેની પીડામાં વધારો કરે છે. સંસારના દરેક પુરુષ આવા જ હશે એ વિચારે તેને પુરુષજાત પ્રત્યે ઘૃણા થાય છે.

"-જો વંદના છુટ્ટાછેડા કાંઈ ખાવાના ખેલ નથી. શાંતિલાલને નહીં દેવા હોય તો તને હેરાન કરશે... આનાય રોટલા કૂટવા ને બીજાનાય કૂટવા. પેલોય સેક્સ તો માગશે જ ને વળી! તો આ જાણીતો શું ખોટો?" (પૃ. ૧૩૫)

**'બસ, થોડાં ડગલાં સાથે ચાલવું' (કોઈ વાર થાય કે..., ૨૦૦૪)**

પતિ વિનાની સ્ત્રીને સમાજમાં હરવાફરવાનો અને સાજ-શણગાર કરવાનો કોઈ હક નથી. તે મુક્તપણે ક્યાંય જઈ ન શકે, કોઈની સાથે સમય પસાર કરવા પિક્ચરમાં ન જઈ શકે. આ બંધનોને ફગાવી દેવા માટે કરુણા એક પુરુષનો સહારો લે છે અને તેની સાથે લગ્ન કરે છે. રાજવીરના મૃત્યુ બાદ કરુણા કેવી પીડા અનુભવે છે તેની વાત અહીં રજૂ થઈ છે.

**'ભીની રેતીમાં પગલાં' (તને સાચવે પારવતી, ૨૦૧૦)**

અપર્ણા પ્રથમ લગ્ન પછી પતિથી છૂટી થઈ છે. એ લગ્નજીવનનાં અનુભવથી તે નિરાશ થઈ છે. સાસરિયાઓનો ત્રાસ યાદ આવતાં જ તે ઘેરી ઉદાસીમાં પડી જાય છે. લગ્નભંગ થયેલ અપર્ણા હવે કોઈ ઊતાવળ કરવા માંગતી નથી. પોતે એક ડાયવર્સી યુવતી છે એ વાત લોકો અજાણ્યે તેને યાદ કરાવે છે. વગર વાંકે દંડિત થતી અપર્ણા માનસિક યાતના ભોગવે છે.

**'ચંપાનું ફૂલ' (બીલીપત્રનું ચોથું પાન, ૧૯૯૪)**

પુષ્પા દસમા ધોરણમાં ભણતી કિશોરી છે. ગરીબ પિતા તેના ભણતરનો ભાર ઉપાડી શકે તેમ નથી. શાળા અને અભ્યાસ તેના માટે એક બોજ સમાન છે. પુષ્પા જુએ છે કે વર્ગની બીજી છોકરીઓ સરસ કપડાં પહેરે છે, પૈસા વાપરે છે, સારો નાસ્તો કરે છે. એની સામે પોતે ગરીબ છે. શાળામાં પુષ્પાને કોઈ મિત્ર નથી. ભણતર અને ગરીબીનો ભાર ન સહન કરી શકવાને કારણે તે સૌથી અતડી રહે છે. મનમાં ઘર કરી ગયેલી અલગપણાની ભાવનાને કારણે તે દુ:ખી થાય છે. અન્યની સરખામણીએ પોતાને રાંક બનાવનાર ઈશ્વર તરફ તેનો ક્રોધ છે.

"પુષ્પાને જોરજોરથી રડવું હતું પણ ઘણાં એની સામે જોતાં હતાં અને આજે તો યુનિફોર્મ પણ બગલમાંથી ફાટી ગયો હતો અને એના દુબળા હાથ ખાલી હતા... એને માટે તો બ્યુટી પાર્લરમાં જવું પડે અને..." (પૃ. ૧૬૧-૧૬૨)

**'ડ્રીમલેન્ડ' (બીલીપત્રનું ચોથું પાન, ૧૯૯૪)**

કાનન સરકારી નોકરી કરે છે. તે માતાપિતાનું એકમાત્ર સંતાન છે. પિતાના મૃત્યુ બાદ ઘરની સમગ્ર જવાબદારી તેની પર આવી છે. તેને લગ્ન કરવાની, પુરુષના સહવાસની ઇચ્છા છે. પણ હવે તેનાં લગ્ન માટે કોઈ દરકાર કરતું નથી. સહકાર્યકરોનાં જીવનની વાતો સાંભળીને તે એકલી રહી ગઈ એમ અનુભવે છે. લગ્ન કરીને ઠરીઠામ થવાની અપૂર્ણ રહેલી ઇચ્છાને લીધે તેને પીડા થાય છે. દૈહિક સહવાસની અધૂરી ઝંખના તેની વેદનામાં વધારો કરે છે.

**'ઔરત સબ એક્સ્ટ્રા' (અનુરાધા, ૨૦૦૩)**

સુનિતા ફિલ્મોમાં ડાન્સર છે. તેની ઇચ્છા છે કે તેને ફિલ્મમાં મુખ્ય પાત્ર ભજવવાનો મોકો મળે. આ માટે તે પોતાની બહેનપણી ઝરીનાને કહે છે. ઝરીનાની ઓળખાણથી તેને બહારગામ શૂટિંગમાં જવાનો મોકો મળે છે. ત્યાં જઈને ફિલ્મનો ડાયરેક્ટર તેની પર બળાત્કાર કરે છે. તેને રૂમમાંથી ધક્કો મારીને કાઢી મૂકે છે. શરમ અને અપમાનને લીધે તેને આઘાત લાગે છે. પોતાની પીઠ પાછળ 'એક્સ્ટ્રા' શબ્દનો ઘા સાંભળી તેની પીડામાં ઉમેરો થાય છે. પોતાનો ગેરફાયદો ઉઠાવનાર ડાયરેક્ટરને કારણે તેને સમગ્ર પુરુષજાત પ્રત્યે નફરત થાય છે.

**'એક જાત અસ્ત્રીની' (અનુરાધા, ૨૦૦૩)**

લક્ષ્મી અને સ્મિતા બન્ને સ્ત્રીઓ. એક અભણ અને બીજી ભણેલ અને સારા કુટુંબની. બન્ને સ્ત્રીઓ પોતાના ઘર માટે કમાય છે. પતિને આર્થિક મદદ કરે છે. એ છતાંય બન્નેને

ઘરેલુ હિંસાનો ભોગ બનવું પડે છે. લક્ષ્મી પતિ છોટુનો માર ખાઈ રોજ વિચારે છે કે તેને છોડી દે. એક સ્ત્રી તરીકે પોતાની પરિસ્થિતિ એ સુપેરે જાણે છે. આથી એ કોઈ નિર્ણય પર આવી શકતી નથી. સ્ત્રી હોવાનો અફસોસ અને પીડા તેના આ વાક્યમાં જોઈ શકાય છે:

"ઘણી વાર થ્યું કે ઊભો મેલીને જતો રહું પણ જાઉં તો ક્યાં? એકલી જુએ કે બીજો કૂતરો લાળ ટપકાવતો વાંહે પડશે. આપણી અસ્ત્રીની જાત. મીઠાની પૂતળી. નસીબમાં ઓગળવાનું." (પૃ. ૧૮૧)

આ જૂથમાં જોઈ શકાય છે કે દામ્પત્યજીવનની કડવાશને કારણે સ્ત્રીઓ પીડિત થાય છે. વિધવા અને ત્યક્તા સ્ત્રીઓ સામાજિક સ્થિતિને કારણે પીડામાંથી પસાર થાય છે. યોગ્ય ઉંમરે લગ્ન ન થતાં અને શારીરિક જરૂરિયાતો ન સંતોષાતા સ્ત્રીઓ ઊંડું દુઃખ અનુભવે છે. બળાત્કારી બહારનો વ્યક્તિ હોય કે પોતાનો પતિ કેમ ન હોય, સ્ત્રી માટે તેની વેદના અસહ્ય હોય છે. બાળક ન હોવાનું દુઃખ પણ એટલું હોય છે, જેટલું વિકલાંગ સંતાનને હૈયે ચાંપીને મોટું કરવું! પોતાના સંતાનને નજર સામે જ મૃત્યુના મુખમાં ધકેલાતું જોવાની વેદના સ્ત્રીને પળે પળે રીબાવે છે. કિશોરવયની કુસુમને અઘરા વિષયોનું ભણતર એક સમસ્યા લાગે છે.

## જૂથ-૨ : ઉદાસી

ઉદાસી એક ભાવનાત્મક અનુભૂતિ છે, જેમાં કશુંક ગુમાવવાની વેદના અને લાચારી હોય છે. જેને માટે ખૂબ ઊંચી અપેક્ષાઓ રાખી હોય તે પૂર્ણ ન થાય ત્યારે અનુભવાતું સંવેદન છે. સ્ત્રીનો ગેરફાયદો ઉઠાવવામાં આવે કે તેની સાથે ગેરવર્તણૂક કરવામાં આવે ત્યારે તે ઉદાસ થાય છે. વ્યક્તિની અમુક અપેક્ષાઓ પૂર્ણ ન થતાં ઉદાસ થાય છે. પારિવારિક પ્રશ્નોથી ઘેરાયેલ સ્ત્રી ઉદાસ થાય છે. એકલી પડી ગયેલ સ્ત્રી પણ હતાશ થાય છે.

ઉદાસીને કારણે સ્ત્રી હતાશ થઈ જાય છે. અન્ય સાથે વાતચીત કરવાનું બંધ કરી દે છે. તેને એમ લાગે છે કે હવે તેની સાથે કોઈ નથી અને તે એકલી પડી ગઈ છે. તેની

વિચારશક્તિ કામ નથી કરતી. કોઈની સાથે પોતાની તકલીફ વહેંચે તો તેને સારું લાગે છે. હતાશાની ગર્તામાં ધકેલાઈ ગયેલ સ્ત્રી ક્યારેક ન કરવાનું કાર્ય પણ કરી બેસે છે.

આ જૂથની ૧૦ વાર્તાઓનાં સ્ત્રીપાત્રો કોઈને કોઈ રીતે ઉદાસીનું સંવેદન અનુભવે છે. સાસુ-વહુની બેલડી વૈચારિક ભેદને કારણે ઉદાસ થાય છે. લગ્નભંગને કારણે પીડિત યુવતીને પિયરમાં પોતાનું સ્થાન નિશ્ચિત ન થતાં વિમાસણ થાય છે. વૈવાહિક કારણોસર ઉદાસ થતી સ્ત્રીની છે. પતિની જોહુકમીને કારણે સ્ત્રીને મનોમંથન થાય છે. વિધવા, પરિણીત અને કુંવારી, પ્રૌઢ સ્ત્રીઓની ઉદાસીનું નિરૂપણ આ જૂથમાં છે. બાળકો સાથેના વૈચારિક મતભેદોને કારણે ઉદાસ થતી સ્ત્રી છે. પતિની વધુ પડતી આળપંપાળને કારણે મનોમન સંકોચાતી નાયિકાનું મૌન ઉદાસ છે. ગરજવાન ભાઈની સ્વાર્થવૃત્તિને કારણે ઉદાસ થતી સ્ત્રી છે.

**'અનુરાધા' (અનુરાધા, ૨૦૦૩)**

અનુરાધાએ પ્રેમલગ્ન કર્યા છે. પતિ સાથે મનમેળ ન થતાં દોઢ જ વર્ષમાં એ છૂટાછેડા લઈને પિયર આવે છે. ધીરે ધીરે તે જુએ છે કે ઘરના સભ્યો એ જ છે અને ઘર પણ એ જ છે. છતાં તેનું સ્થાન પહેલાં જેવું રહ્યું નથી. અમુક ઘટનાઓને કારણે તેને આ ઘર હવે પારકું લાગે છે. તેની અને ભાઈની વચ્ચે ભેદભાવ થતો જોઈ અનુરાધાનું મન ઉદાસ થાય છે. પરણાવી દીધેલી દીકરીઓનું પિયરમાં કોઈ જ સ્થાન નથી એ વાતે તેની ઉદાસી ઘેરી થાય છે.

"એ ઘરમાં ફરતી રહી. કશેથી પોતાપણાનો ભાવ ઊઠતો ન હતો. માત્ર સ્મૃતિઓની ફિંગરપ્રિન્ટ્સ. એ પોતે તો અહીંથી પગેરું ભૂંસીને ગઈ ન હતી. તો પછી શું બન્યું હતું?" (પૃ. ૭)

**'અનુરાધા' (સાંજને ઉંબર, ૧૯૮૩)**

અનુરાધા માનસશાસ્ત્રની અધ્યાપિકા છે. તે માને છે કે ઓગણીસ-વીસ વર્ષની નાદાન ઉંમરે દીકરીઓને પરણાવી દેવાથી તેમની પાંખો કપાઈ જાય છે. અનુરાધાની ઇચ્છા કે

દીકરીઓ ભણીને પગભર બને. પોતે ભણાવેલી કેટલીય મહત્વાકાંક્ષી યુવતીઓને તે મળે છે. તેમને ઘર-ગૃહસ્થીમાં અટવાયેલી જોઈને તે ઉદાસ થાય છે.

**'ગુડ મોર્નિંગ મિસિસ દેસાઈ' (એંધાણી, ૧૯૮૯)**

કૃષ્ણા નવપરિણીત યુવતી છે. આજે સાસરીમાં મધુરજની પછીનો તેનો પ્રથમ દિવસ છે. કૃષ્ણાને પિયરની યાદ આવે છે. તે બન્ને ઘરની સરખામણી કરે છે. સાસરીના ઘરમાં ગોઠવાઈ ન શકવાને કારણે તે ઉદાસ થાય છે. તેના બાળપણના દિવસો હવે નથી રહ્યા એ વિચારે તેની ઉદાસી વધે છે.

**'બંધ ખાનું' (એંધાણી, ૧૯૮૯)**

ઇન્દુ પતિ અને બાળકો સાથે સુખી જીવન જીવે છે. તેનું ઘર આલીશાન છે. ઘરમાં એક પચ્ચીસ વર્ષ જૂનું ટેબલ છે. આ ટેબલ ઇન્દુનાં બાળપણ અને કિશોરાવસ્થાની નિશાની છે. ઇન્દુનાં બાળકો માને છે કે નવા ઘરમાં આવું નક્કામું ટેબલ સહેજેય સારું નથી લાગતું. ઇન્દુ બાળકોને સમજાવી નથી શકતી કે ટેબલ સાથેનો પોતાનો સંબંધ સ્થૂળ નહીં પણ સ્નેહનો છે. બાળકોને જીદને કારણે તે ઉદાસ થાય છે. પોતાની સંગ્રહાયેલી યાદોની બાળકો માટે કશી જ કિંમત નહોતી એ વાતે તેની ઉદાસી ઘેરી થાય છે.

**'કુંડાળામાં પગ' (બીલીપત્રનું ચોથું પાન, ૧૯૯૪)**

લતા સરકારી નોકરી કરીને ઘરમાં મદદ કરી રહી છે. તે જાણે છે કે પોતાનો સામાન્ય દેખાવ લગ્ન માટે બાધારૂપ છે. તે નાની બહેનનાં લગ્ન કરી દેવા માતાને વીનવે છે. સમાજની બીકે માતા આ માટે રાજી નથી. જ્યારે લતા ઉતાવળે કોઈની પણ સાથે ગોઠવાઈ જવા તૈયાર નથી. પોતાનાં જ માવતર પોતાને સમજી નથી શકતાં એ વાતે તે ઉદાસ થાય છે.

"-જ્યાં એ જન્મી અને ઊછરી એ ઘર જાણે પારકું ઘર થઈ ગયું હતું. તો જે પારકું જ હતું એ પોતીકું શી રીતે થશે?" (પૃ. ૮૩)

"ઘરમાં જતાં જ બા પઠાણની જેમ ઊઘરાણી કરશે... તો બાપુજી પણ ક્યાં ઘરમાં હતા!... જાણે ત્રણેય દીકરીઓને ઘર બહાર વળાવી દઈને જ અંદર જવાના હોય!" (પૃ. ૮૪)

**'ચલતે ચલતે' (અનુરાધા, ૨૦૦૩)**

નીરુબહેનનો દીકરો તુષાર પોતાની પસંદની યુવતી રેશમા સાથે લગ્ન કરે છે. તુષારને રાજી રાખવા નીરુબહેન આ સંબંધને સ્વીકારી તો લે છે. પરંતુ તેમના મનમાં ખટકો રહી જાય છે. રેશમા તુષારને પોતાની પાસેથી ખૂંચવી લેશે એવા કાલ્પનિક ભયને કારણે તે રેશમા સાથે હળી શકતાં નથી. બીજી બાજુ અજાણ્યા પરિવારમાં પરણીને આવેલી રેશમાની જીવનશૈલી નીરુબહેન સાથે મળતી ન હોવાને કારણે તેમનાથી દૂર રહે છે. કોઈ જાતનાં લડાઈ કે ઝગડા વિના બન્ને વચ્ચે એક અંતર આવી જાય છે. નીરુબહેન રેશમાને રાજી કરવા ભોજન બનાવે છે. જ્યારે રેશમા સાસુને સારું લાગે તે માટે પોતાને ન ફાવતાં વસ્ત્રો પહેરે છે. બન્ને એકબીજાને અનુકૂળ થવા પ્રયત્નો કરે છે. છતાં એકબીજાથી ઉદાસ છે.

**'એક પત્ર' (અનુરાધા, ૨૦૦૩)**

શશાંક અને ચિત્રા પ્રેમ-લગ્ન કરે છે. આ લગ્નમાં શશાંકની માતાની મરજી નથી. શશાંકનું અણધાર્યું નિધન થતાં ચિત્રા એકલી પડે છે. તે ઉદાસ થાય છે. પોતાનું જીવન અને નાના વિરાજને કેવી રીતે સંભાળશે એ વિચારે તે ચિંતિત અને ઉદાસ છે.

**'શ્રાવણીની કાવડ' (અનુરાધા, ૨૦૦૩)**

રજની શાળામાં નોકરી કરે છે. તેની નાની બહેન તરુ માનસિક અસ્વસ્થ છે. રજની એકલે હાથે તેની સંભાળ લે છે.તેની પરણવાની ઉંમર વીતી ગઈ છે. તરુની ચાકરી કરતાં તે માનસિક રીતે થાકી ગઈ છે. તેનો થાક તેની હતાશાને વધારે છે. વર્ષો સુધી ભાઈ અને ભાભીની કોઈ મદદ વિના તે તરુને સાચવે છે. ભાઈએ અત્યાર સુધી બહેનોની કોઈ ચિંતા કરી

નથી. હવે અમેરિકામાં તેને રજનીની જરૂર છે. રજનીને પોતાની સાથે લઈ જવા માટે તે તરુની ચિંતા છોડી દેવાનું કહે છે ત્યારે રજનીની ઉદાસી ઘેરી થાય છે.

**'એક પ્રણયકથાનો અંત એટલે કે આરંભ' (એંધાણી, ૧૯૮૯)**

અમિતા ઇચ્છે છે કે લગ્નતિથિ નિમિત્તે અવિનાશ તેને શુભેચ્છા આપે. તેને મોંઘી વસ્તુ મળવાની પણ અપેક્ષા છે. દિવસ પૂરો થતાં સુધી અવિનાશને કશું યાદ આવતું નથી. તેની ઇચ્છા અધૂરી રહી જાય છે. આજે તેને થાય છે કે સાવ ઓછા સમયગાળામાં એ પતિનો પ્રેમ ગુમાવી બેઠી છે આ કારણે તે ગમગીન થાય છે.

"લગ્નને થયાં છે માત્ર પાંચ વર્ષ. એમાં પ્રેમ અને રોમાંસના રંગ તો ક્યારના ઊડી ગયા છે. વરસમાં એક વાર પણ એને સાંભરતું નથી કે એણે લવમેરેજ કર્યાં છે અને અમિતા સરખી સુંદર સ્ત્રી અને મધુર કંઠની ગાયિકાને પરણ્યો છે." (પૃ. ૧૮૬)

**'મોગરાની સુગંધ' (અનુરાધા, ૨૦૦૩)**

નિરંજનને ગમે તે જ રંગ રીતુ પહેરે, તેને ગમે તે જ મુજબ ઘરની સજાવટ થાય, તેને ગમે તે જ છોડ બગીચામાં વવાય. આ દરેક વાતમાં રીતુને શું ગમે છે કે ભાવે છે તે તો ગૌણ જ થઈ જાય છે. આથી રીતુ ખિન્ન છે. રીતુને કયા વિષયમાં રસ છે તેની જાણ નિરંજનને નથી. તે ઘરની નાની મોટી દરેક બાબતમાં પોતાનું જ ધાર્યું કરાવે છે. આથી રીતુની ઉદાસી વધે છે.

આ જૂથમાં પારિવારિક પ્રશ્નોને કારણે ઉદાસ થતી સ્ત્રીઓ સ્થાન ભોગવે છે. પતિના અચાનક નિધન બાદ ઉદાસીથી ઘેરાયેલી ચિત્રા ભવિષ્યની ચિંતામાં પડી છે. નિરંજનની વધુ પડતી સારસંભાળ રીતુની ઉદાસીને ઘેરી બનાવે છે. જ્યાં તેને અનુભવાય છે કે સહજીવનમાં શ્વાસ લેવાની પણ મોકળાશ નથી. લગ્નની પાંચમી વર્ષગાંઠ ભૂલી જનાર પતિના બેદરકારીભર્યા વલણને લીધે અમિતા ઉદાસ થાય છે.

લગ્નજીવનનાં આરંભે જ કૃષ્ણા અનુકૂળતા ન સાધી શકતા ઉદાસ થાય છે. શ્યામ વર્ણને કારણે લગ્ન કરવામાં પાછી પડતી લતાની ઉદાસી માવતરના વર્તનને લીધે વધે છે. શૈશવનાં સ્મરણોમાં પરોવાયેલી ઇન્દુ એ યાદોને પોતાનાથી વેગળી કરવા માગતી નથી, એથી ઉદાસ છે.

**જૂથ-3 : ધૃણા**

ધૃણા એટલે તીવ્ર અણગમાની ભાવના. સ્ત્રી સાથે એવો કોઈ બનાવ બને જેના કારણે તેને સખત નફરત થાય. કોઈ વ્યક્તિ કે વસ્તુને જોતાં જ ચીડ ચડે. નાની વયથી જ અમુક વસ્તુઓ પ્રત્યે અણગમાનો ભાવ હોય ત્યારે તે ધૃણા લાંબા સમય માટે રહે છે. સ્ત્રી સાથે વિશ્વાસઘાત થાય ત્યારે તેને ધૃણા થાય છે. સ્વાર્થી વ્યક્તિ સાથેનો વરવો અનુભવ સ્ત્રીને તેની તરફ ધૃણિત કરે છે. પુરુષોની અઘટિત માગણી સામે પણ સ્ત્રીને ધૃણા થાય છે.

પ્રિય પાત્ર તરફથી થતું શોષણ સ્ત્રીને અંદરથી તોડી નાખે છે. માનસિક રીતે ભગ્ન સ્ત્રી નિરાશ થાય છે. તેને સહજ બનતાં ઘણો સમય લાગે છે. જો ધૃણાનો ભાવ વધુ તીવ્ર હોય તો સ્ત્રી સાહજિક રીતે વર્તી શકતી નથી.

આ જૂથમાં ૯ વાર્તાઓનો સમાવેશ કર્યો છે. આ વાર્તાઓનાં સ્ત્રી-પાત્રો અન્ય વ્યક્તિ પ્રત્યે ધૃણાનો ભાવ અનુભવતા જોવા મળે છે. વર્ષો સાથે રહ્યા છતાં પતિની સ્વાર્થવૃત્તિને ન ઓળખી શકતી સ્ત્રીને તેના તરફ નફરત થાય છે. પિતા અને પતિ બન્ને તરફથી નફરત મળતાં સ્ત્રીની ધૃણા ચરમસીમાએ પહોંચે છે. રોજની મારપીટથી કંટાળેલી નાયિકાની ધૃણા એટલી તીવ્ર છે કે તે પતિનું ખૂન કરવા મજબૂર થાય છે. લગ્નેતર સંબંધ રાખનાર પતિ પકડાઈ જાય અને બન્ને સ્ત્રીઓને સાથે રાખવાની વાત કરે ત્યારે પત્નીને તેનાથી ધૃણા થાય એ સ્વાભાવિક જ છે. વિકલાંગ બાળકી તરફનું પતિનું ઓરમાયું વર્તન જોઈ સ્ત્રીને પતિ તરફ ધૃણા થાય છે.

**'મુક્ત કારાગાર' (સાંજને ઉંબર, ૧૯૮૩)**

અવનીનો પતિ પરિતોષ કામ અંગે બહારગામ ગયો છે. તે સમયે તેનો મિત્ર કેદાર દારૂના નશામાં ઘરે આવે છે. ભાન ભૂલીને તે અવની પર બળજબરી કરવાનો પ્રયાસ કરે છે. અવનીથી આવેશમાં તેનું ખૂન થઈ જાય છે. તેને જેલમાં જવું પડે છે. અવનીને પરિતોષ ઉપર પૂરો ભરોસો છે. પરત ફરેલ પરિતોષ અવનીની ચિંતા નથી કરતો. તે સમાજમાં પોતાનું કેટલું ખરાબ દેખાશે તેની ગડમથલમાં પડે છે. પરિતોષ તરફ પોતે સેવેલી ધારણા પૂરી ન થતાં અવની ડઘાઈ જાય છે. પરિતોષની સ્વાર્થી વૃત્તિનો પરિચય થતાં તેને અણગમો થાય છે.

"તે જ ક્ષણે અવનીને થયું કે એની અંદર કશુંક મરી ગયું છે. એ સ્થિર ઊભી રહી પરિતોષને જોતી રહી." (પૃ. ૬૦)

**'અમે રે ઉડણ ચરકલડી' (સાંજને ઉંબર, ૧૯૮૩)**

શ્યામા પડકારગ્રસ્ત બાળકી છે. શાંતા શ્યામાની માવજતમાં વધુ સમય આપવાનું નક્કી કરે છે. અનંત અને મયૂર તેનાથી દૂર થવા લાગે છે. તેની તાણ વધે છે. પતિને શ્યામા માટે સ્નેહ નથી તે જોઈ શાંતા ઉદાસ થાય છે. અનંત શાંતાને શ્યામાની ચિંતા કરવાનું છોડી દેવા કહે છે. અનંતનું શ્યામા તરફનું બેજવાબદાર વર્તન શાંતાને ખૂંચે છે. સંબંધોના ઉતાર-ચડાવની આ સ્થિતિમાંથી ભાવનાત્મક દબાણ થાય છે. આ દબાણને પહોંચી ન શકવાથી લાચારી અનુભવે છે. આ નિસહાયતાને કારણે ક્રોધ થાય છે. તેને અનંત તરફ ધૃણા થાય છે.

"અમારી મા-દીકરીથી એ પિતા-પુત્રની એક અલગ દુનિયા છે, જેનું પ્રવેશદ્વાર ધીમે ધીમે ક્યારે વસાઈ ગયું એની ખબરેય ન પડી મને." (પૃ. ૧૭૪)

**'શીરો' (બીલીપત્રનું ચોથું પાન, ૧૯૯૪)**

કુસુમનો તેનો સંઘર્ષ જન્મ પહેલાથી જ આરંભાયો છે. જન્મ થતાં પહેલાં જ તેના બાપે માતાને ગળે-હાથે તાવીજ બાંધ્યાં હતાં. કુસુમનો જન્મ થતાં જ માતાનું મૃત્યુ થાય છે.

તેનાં સંઘર્ષમાં વધારો થાય છે. ત્રણ દીકરીઓની રઝળતી મૂકીને પિતા ફરી લગ્ન કરે છે. નવી માને કારણે ત્રણે બહેનોને ગામમાં પણ કોઈ પ્રેમથી બોલાવતું નથી. આ કારણે કુસુમને પિતા તરફ ક્રોધ થાય છે. જેમ જેમ એ મોટી થાય છે તેમ એ ક્રોધ ઘૃણામાં ફેરવાઈ જાય છે.

કુસુમનાં લગ્ન થાય છે. તેને આશા હતી કે પિતા તરફથી ન મળેલ હૂંફ તેને પતિ પાસેથી મળશે. પણ પતિ તો કેવળ તેને ભોગવટાનું સાધન માને છે. તેના શરીરને ભોગવવું અને દારૂ પીને મારપીટ કરવી તેનો નિત્યક્રમ છે. રોજની શારીરિક પીડા સહન કરતી કુસુમ માનસિક રીતે ભાંગી પડે છે. તેને પતિ તરફ ઘૃણા થાય છે.

"સામે પૂરે તરીને થાકી ગઈ છે એ. ધણી કામ પરથી છૂટી સીધો ઘરે આવી માથે મોસલની જેમ ઊભો રહે, બીડીઓ ફૂંકાફૂંક કરે... ઝટ કામ પતાવ. થાંથી છે કાંઈ? પછી ધડાધડ બારણાં બંધ, અને તેજાબનો શીશો ઠલવાય એમ બળતરા... પીડા..." (પૃ. ૧૭૫)

**'સતી' (ગાંઠે બાંધ્યું આકાશ, ૧૯૯૮)**

નાયિકાનો પતિ તેને ખૂબ મારઝૂડ કરે છે અને ત્રાસ આપે છે. પતિના બેફામ વર્તનથી એ થાકી જાય છે. પતિ તરફનો ક્રોધ ધીમે ધીમે ઘૃણામાં ફેરવાઈ જાય છે. ગુસ્સાનો આવેગ સહન ન થવાથી એક દિવસ તે ચટણી વાટવાના પથ્થર વડે પતિનું માથું ફોડી નાખે છે. પતિનું ખૂન કર્યા પછી તેને જેલની સજા થાય છે. ઘણો સમય જેલમાં વીતાવ્યા પછી તે છૂટે છે. તેની તરફ ખરાબ નજરે જોતા સંત્રી અને અન્ય પુરુષો પ્રત્યે તેનો ઘૃણાનો ભાવ વધી જાય છે.

**'મંગળસૂત્ર' (ગાંઠે બાંધ્યું આકાશ, ૧૯૯૮)**

નીના અને ઈશાન એકબીજા સાથે ખૂબ ખુશ છે. એક દિવસ ઈશાનની બહેન તેને જણાવે છે કે ઈશાનને લગ્નેત્તર સંબંધ છે. તે આ વાતની ચોકસાઈ કરે છે. ઈશાનના અન્ય સ્ત્રી સાથેના સંબંધને જાણી જતાં નીના દુ:ખી થાય છે. ઈશાનને પૂછતાં પ્રથમ તે મનાઈ કરે છે અને

પછી સ્વીકાર કરે છે. નીના આઘાત પામે છે. ઈશાનની બન્ને સ્ત્રીઓને સાથે રાખવાની વાતથી નીનાને તેનાં તરફ ઘૃણા થાય છે.

**'તપશ્ચર્યા' (તને સાચવે પારવતી, ૨૦૧૦)**

અંજના પતિ ચિન્મય સાથે સુખી જીવન જીવે છે. સસરા, દિયર અને બાળક સાથે તેનું કિલ્લોલતું કુટુંબ છે. એક દિવસ અચાનક ચિન્મયનું ખૂન થયું છે જાણી અંજના ફસડાઈ પડે છે. ઈન્સ્પેક્ટર કહે છે કે આ ઘટના સમયે ચિન્મય તેની લગ્ન પહેલાંની પ્રેમિકા સલોની સાથે હતો. તેની નિરાશા ક્રોધમાં ફેરવાઈ જાય છે. વળી, સલોની ચિન્મયથી પ્રેગનન્ટ હતી એ જાણતાં જ તેનો ક્રોધ વધી જાય છે. પોતાના પ્રેમ, વિશ્વાસ અને સમર્પણનું ખૂન કરનાર ચિન્મય પ્રત્યે તેને  ઘૃણા થાય છે.

"-એનો ચિન્મય? એ ક્યારે એનો હતો? સલોનીનું નામ ધારદાર છૂરાની જેમ છાતીમાં વારંવાર હુલાતું રહ્યું. હવે સલોની નામનો જીવલેણ જખમ સદાકાળ એની છાતી પર રહેશે." (પૃ. ૧૦૮)

**'જેલની ઊંચી તોતિંગ દીવાલો' (સાંજને ઉંબર, ૧૯૮૩)**

મોટા શહેરમાં અનેક સગવડો વચ્ચે રહેલી ચંદનને ગામમાં આવવું જ નહોતું. જેલર પતિની બદલીને કારણે તેને અહીં આવવું પડે છે. અહીંથી તેની મથામણનો આરંભ થાય છે. સુબંધુ પ્રત્યેનાં પ્રેમને કારણે તે તેની સાથે આવે છે. તેનું મન ઉદાસ છે. સુબંધુ તેને જેલમાં ચાલતી સામાજિક પ્રવૃત્તિઓમાં ભાગ લેવા સમજાવે છે. ચંદન આ માટે તૈયાર નથી. વિચારોમાં અસમાનતાને કારણે બન્ને વચ્ચે મતભેદ થાય છે. મનોમન હિજરાતી ચંદનની ઉદાસી વધે છે. બાળકી રીંકુ કેદીઓ સાથે હળે ભળે અને તેમની સાથે રમે તે ચંદનને પસંદ નથી. કેદીઓ તરફથી અસલામતી અનુભવતી ચંદનને તેમના માટે ઘૃણાનો ભાવ થાય છે.

**'એનઘેન ડાહીનો ઘોડો' (ગાંઠે બાંધ્યું આકાશ, ૧૯૯૮)**

રુચિ અને પદ્મા બહેનપણીઓ છે. પદ્મા જાણે છે કે તેના ભાઈ રવિ અને રુચિ વચ્ચે પ્રેમસંબંધ છે. એક સવારે પદ્મા રુચિનાં અપમૃત્યુના સમાચાર વાંચે છે. રુચિનાં ખૂન અને બળાત્કારના ગુના માટે પોલીસ રવિને પકડીને લઈ જાય છે. પદ્મા કોઈને સાચી વાત જણાવે તે પહેલાં પિતા રવિને છોડાવવાની તૈયારી કરી લે છે. રુચિ સાથે કુકર્મ કરવા બદલ તેને રવિ તરફ ઘૃણા થાય છે.

**'ઓ રંગરસિયા' (ગાંઠે બાંધ્યું આકાશ, ૧૯૯૮)**

રાની ફિલ્મોમાં કામ કરતી નવોદિત અભિનેત્રી છે. તેને નામ અને પૈસા બન્ને કમાવાની ઇચ્છા છે. તેને આત્મવિશ્વાસ છે કે પોતે ઈન્ડસ્ટ્રીમાં બહુ જલ્દી પગ જમાવી લેશે. ધીરે ધીરે તેને અનુભવ થાય છે કે ઈન્ડસ્ટ્રીમાં કામ મેળવવા માટે ઘણી બાંધછોડ કરવી પડે છે. તે નિરાશ થાય છે. રાની જુએ છે કે નિર્માતાઓ તેનો ઉપયોગ કરવા માગે છે. તેની નિરાશા વધે છે. સ્ત્રીને રમકડું સમજવાની પુરુષોની માનસિકતા પ્રત્યે તેને ઘૃણા થાય છે.

"-રડીને કઈં નહીં વળે રાની, આ કપડાં તો તારે પહેરવા જ પડશે. પછી નીચું જોઈ ધીમેથી કહ્યું અને... અને... કાઢવા પણ પડશે." (પૃ. ૧૦૨)

રાનીની માતા પણ તેનો ઉપયોગ કરે છે એમ જાણતા તેનો ક્રોધ પીડામાં પરિણમે છે. પોતાની માતા પ્રત્યે તેને તિરસ્કાર થાય છે.

"રાનીનો પિત્તો ગયો. મમ્મી તુમકો માલૂમ થા આજ રેઈનકા સીન હૈ, મુઝે બતાયા નહીં? મૈં દો પેટીકોટ પહન લેતી, ઔર યે શિફોનકે બદલે સિલ્ક..." (પૃ. ૯૭)

આ જૂથમાં પુરુષપાત્રોને કારણે સંઘર્ષમાં પડતી સ્ત્રીઓની વાત વણી લીધી છે. પુરુષો તરફ ઘૃણા થાય એવી વાર્તાઓમાં લગ્નેતર સંબંધ મોખરે છે. જેમાં નીના અને અંજનાની ઘૃણા તીવ્ર છે. સ્ત્રીઓને કેવળ વાસનાપૂર્તિનું સાધન સમજતાં પાત્રો તરફ રાનીની ઘૃણા દેખાય

છે. પોતાની જ બહેનપણીનું ખૂન કરીને વિજયી સ્મિત ફરકાવી ખુલ્લેઆમ ફરતા ભાઈ તરફ પદ્માને ધૃણા થાય છે. પતિ તરફની ધૃણાને કારણે 'સતી'ની નાયિકા તેને મોતને ઘાટ ઉતારતા પણ અચકાતી નથી.

## જૂથ-૪ : તિરસ્કાર

સ્ત્રીને કોઈ વ્યક્તિ માટે સીધો અણગમો થાય ત્યારે તિરસ્કાર અનુભવે છે. તેના મનમાં વેર કે ધિક્કારની ભાવના થાય છે. સ્ત્રીનું વારંવાર અપમાન કરનાર તરફ તેને ધિક્કાર થાય છે. અમુક સમયે કોઈ ખાસ જૂથ પ્રત્યેના પૂર્વગ્રહને કારણે પણ તેને તિરસ્કાર જન્મે છે. જ્યારે કોઈ તેના સ્વમાનને હાનિ પહોંચાડે ત્યારે તેની તરફ તેને તિરસ્કાર થાય છે.

સ્ત્રી જેને તિરસ્કાર કરતી હોય તે વ્યક્તિ તરફ જોવાનું ટાળે છે. તેને નજર-અંદાજ કરે છે. તેનું અપમાન કરે છે. તેની સામે મોઢું મચકોડે છે. તિરસ્કારની ભાવના વધતાં સ્ત્રી ન કરવાનું કાર્ય પણ કરી બેસે છે. તિરસ્કાર તીવ્ર બને ત્યારે સ્ત્રી પુરુષની સામે થઈ જાય છે.

આ જૂથમાં વાર્તાકારની ૯ વાર્તાઓનો સમાવેશ કર્યો છે. વૈવાહિક પ્રશ્નોને કારણે પતિ તરફ તિરસ્કારનો ભાવ અનુભવતી સ્ત્રીની વેદના રજૂ થઈ છે. આ સ્ત્રીઓ સંસારને છોડી દેતાં સહેજ પણ અચકાતી નથી. માતાના લગ્નેતર સંબંધની વાસ્તવિકતા જાણ્યા પછી તેને ધિક્કારતી સ્ત્રીની વેદના છે. સમાજના પ્રતિનિધિઓની લાલચ જાણી તેમને ધિક્કારતી નિ:સ્વાર્થ યુવતીનો સંઘર્ષ રજૂ થયો છે. પરપુરુષના સ્પર્શનો અર્થ સુપેરે સમજતી સ્ત્રી તેને તિરસ્કારે છે.

**'તેં હજી જવાબ ન આપ્યો?' (તને સાચવે પારવતી, ૨૦૧૦)**

પુષા અને વિવેક સુખી દંપતી છે. બન્ને એકબીજાથી ખુશ છે. અચાનક વિવેકના મોબાઈલમાં વેદિકા નામની અજાણી યુવતીનો ફોન આવે છે. પુષા જાણી જાય છે કે વિવેકના જીવનમાં પ્રેમિકા રૂપે અન્ય કોઈનો પ્રવેશ થયો છે. તે નિરાશ થાય છે. આટલું ઓછું હોય તેમ વિવેક બન્ને સ્ત્રીઓને સાથે રાખવાનું કહે છે. તે વેદિકાને સ્વીકારી લેવા માટેનું કારણ પણ આપે

છે. પુષા વિવેક તરફ ક્રોધે ભરાય છે. પોતાનાં સ્ત્રીત્વનું અપમાન કરતાં વિવેક તરફ તેને ધૃણા થાય છે. પુષા વિવેકને પૂછે છે કે જો પોતાને પ્રેમી હોત તો વિવેક એનો સ્વીકાર કરી શક્યો હોત? આ એક જ અણિયાળા પ્રશ્નમાં તેનો વિવેક તરફનો તિરસ્કાર જણાય છે.

"હું તને પ્રેમ કરું છું અને તારી સાથે રહું, આપણે પતિપત્ની છીએ. કાલે મારો પણ એક પ્રેમી હોય, ડિયર તું મને એની સાથે શેર કરશે ને! તારું બાળક હોય એમ એનું પણ બાળક... તું હસતે મુખે એ બંનેને સ્વીકારશે ને!" (પૃ. ૧૪૬)

**'બટમોગરો' (ગાંઠે બાંધ્યું આકાશ, ૧૯૯૮)**

નાયિકા અને તેની યુવાન દીકરી શાંતિથી જીવે છે. નાયિકાનો પતિ વર્ષો પહેલાં પરિવારની માયા ત્યજી સાધુ બની ગયો છે. પોતાની જવાબદારીઓ અસ્વીકારી પલાયન થઈ જનાર પતિ તરફ તેને ક્રોધ થાય છે. નાયિકા તેને ભૂલીને નવેસરથી જીવન ગોઠવે છે. તે તકલીફ વેઠીને દીકરી શશીને સારું શિક્ષણ આપે છે. તેનામાં સંસ્કારનું સિંચન કરે છે. શશી યુવાન થાય છે. ત્યારે વર્ષો પછી પરત ફરેલ પતિ નાયિકા સાથે લગ્નજીવનનો દાવો કરે છે. લાંબા અંતરાલ પછી જીવનમાં અનધિકૃત રીતે પ્રવેશેલા પતિ પ્રત્યેનો તેનો ક્રોધ તિરસ્કારમાં ફેરવાઈ જાય છે.

શશી માતાના જીવનસંઘર્ષથી અજાણ છે. પોતે હોસ્ટેલમાં ગયા પછી માતાના જીવનમાં કોઈ પુરુષનો પ્રવેશ થયો છે એવી આશંકાને કારણે તે ગુસ્સે થાય છે. તે જુએ છે કે ઘરમાં કોઈ પુરુષનાં કપડાં સંતાડીને મૂક્યાં છે. આથી તેનો માતા તરફનો ક્રોધ ધૃણામાં ફેરવાઈ જાય છે.

**'ચક્કર' (ગાંઠે બાંધ્યું આકાશ, ૧૯૯૮)**

અમૃતા ગામડેથી પરણીને હમણાં જ શહેરમાં આવી છે. તે પતિ સાથે બોસના ઘરે પાર્ટીમાં જાય છે. બોસ શરાબ પીને અભદ્ર વર્તન કરે છે. અમૃતા બોસની બદદાનત સમજી જાય છે. પોતાનો ગેરફાયદો ઊઠાવવાની ઇચ્છા રાખનાર બોસ તરફ તેને તિરસ્કાર થાય છે.

"અંજુ નયના... તું... તમે... હસતાં હસતાં મિ. પટેલ પાસે આવ્યા. એક હાથ અમૃતાને ખભે મૂકી અમૃતાને હોઠે એમનો ગ્લાસ માંડ્યો. શરાબની તીવ્ર વાસથી અમૃતાને ચક્કર આવી ગયા અને મિ. પટેલનો ખભા પર આ હાથ!" (પૃ. ૧૨૯)

**'નામ: નયના રસિક મહેતા' (કોઈ વાર થાય કે..., ૨૦૦૪)**

નયનાએ પરજ્ઞાતિના યુવાન રસિક સાથે લગ્ન કર્યાં છે. થોડા દિવસોના સહવાસ પછી તે રસિકનો અસલી ચહેરો જોઈ શકે છે. શ્રીમંત અને સ્વાધ્યાયી કુટુંબના પુત્ર રસિકનો સ્વભાવ ક્રોધી છે. નયના રસિકનું અસલી સ્વરૂપ જોઈને ડઘાઈ જાય છે. રસિક તેને રોજ મારપીટ કરે છે. ઘરેલું ત્રાસને કારણે પીડા અનુભવે છે. રસિકના આવા વર્તન સામે સાસુના પેટનું પાણી પણ હાલતું નથી. નયનાનું રક્ષણ કરવાને બદલે તે શાંતિથી જોયા કરે છે એ વાતથી તેને સાસુ પ્રત્યે ધિક્કાર થાય છે.

"રસિકનો ક્રોધથી ફાટું ફાટું થતો ચહેરો નજર સામે તરી આવ્યો. એને મારવા ઉગામેલો હાથ, આંખમાં ફૂટેલો લોહીનો ટશિયો અને જરા દૂર ઊભેલી શાંતિથી માળા ફેરવતી નિર્મમ આંખે એને જોઈ રહેલી સાસુ, નિર્મળા..." (પૃ. ૧૫)

**'જખમમાંથી લોહી' (તને સાચવે પારવતી, ૨૦૧૦)**

સલોનીને યાદ આવે છે કે તેની માતા દેવકી અને પિતા વચ્ચે ખટરાગ હતો. દેવકીને પ્રદીપ સાથે સંબંધ હતો. આ વાતની જાણ થતાં પ્રદીપની પત્નીએ એકવાર દેવકીને તમાચો મારી દીધો હતો અને છૂટ્ટા હાથની મારામારી કરી હતી. પતિથી વિમુખ થયેલી અને

પરપુરુષ સાથે પ્રીત બાંધી બેઠેલી દેવકી તરફ સલોનીને ધિક્કારનો ભાવ થાય છે. પોતાનો સંસાર પણ માતાને લીધે જ વસી શક્યો નથી એ ભાવને લીધે તેનો ધિક્કાર વધે છે.

દેવકીને પોતાનાં સ્વપ્નો પૂરાં ન કરી શકનાર પતિ તરફ ધિક્કાર હતો. આ નફરતનાં બીજ તેણે નાનપણથી સલોનીનાં મનમાં વાવ્યાં હતાં. સલોનીની પરણવાની ઉંમર થઈ હતી. પણ દેવકી કોઈ છોકરો પસંદ જ ન કરતી. આમ ને આમ જ તે કુંવારી રહી ગઈ. હવે તે અન્ય પુરુષમાં પ્રેમ શોધે છે.

**'દીપમાળ' (તને સાચવે પારવતી, ૨૦૧૦)**

પ્રમિલા ટ્રસ્ટની શાળામાં ભણાવે છે. તે ગરીબ છોકરીઓનાં ભવિષ્ય માટે ચિંતિત છે. તે શાળામાં જેમ બને એમ વધુ કામ કરવા ઇચ્છે છે. આ માટે તે ટ્રસ્ટીઓ સામે માથું ઊંચકવા તૈયારી કરે છે. તેના અન્ય સહકાર્યકરો તેને આમ ન કરવા માટે સમજાવે છે. આથી તે પીડા અનુભવે છે. પોતાની સાથેના શિક્ષકોના સ્વાર્થીપણા માટે પ્રમિલા તેમને ધિક્કારે છે. શાળાના ટ્રસ્ટીઓ શાળાનો પ્લોટ અન્યને વેચી દેવાની પેરવી કરે છે. આથી તેમની તરફ તેને ધિક્કાર થાય છે.

"પ્રમિલાનો જીવ બળતો. અકળાતી. ગણિત શીખવવાના અનુભવથી એક ને એક બે જેવો સાદો હિસાબ માંડતી. આમાં નુકસાન ન ટ્રસ્ટીઓને કે ન પ્રિન્સિપાલને હતું. શિક્ષકોને તો આખી વાત સાથે લેવાદેવા જ ન હતી. ખોટ તો આ નાનકડી બાલિકાઓને હતી." (પૃ. ૧૧૦)

"આ લોભી અને લાલચુ ટ્રસ્ટીઓ ચેરિટીને નામે શાળાને અજગરની જેમ ગળી જ જવાના છે. કેટલી બધી છોકરીઓનું ભણતર રઝળી પડશે અને તોય તમે કહો છો આપણે શી પંચાત?" (પૃ. ૧૧૪)

**'સંબંધ અથવા બીજું કશું નહીં' (સાંજને ઉંબર, ૧૯૮૩)**

પુષ્પાબહેન પતિની બેવફાઈને જાણે છે. સ્વમાનભેર જીવવા પુત્ર રજતને લઈને તે પતિનું ઘર છોડી દે છે. એકલા હાથે મહેનત કરી રજતને ઉછેરે છે. પતિએ કરેલા અન્યાયને કારણે તે આજીવન પતિ તરફ ધિક્કાર અનુભવે છે. વર્ષો પછી હોસ્પિટલમાં પતિને કૃશકાય બની ગયેલા જુએ છે. તે જાણે છે કે પતિ કેન્સરગ્રસ્ત અવસ્થામાં છેલ્લી ઘડીઓ ગણે છે. પોતાની સાથે થયેલો અન્યાય યાદ કરતાં તેમનો ધિક્કાર વધે છે.

**'મારી નીની' (એંધાણી, ૧૯૮૯)**

નંદિતા માતા-પિતાનો પ્રેમ ઇચ્છે છે. તેનાં માતા-પિતા વચ્ચે અણબનાવ છે. તેથી તે નિરાશ થાય છે. બંને અલગ થવાને કારણે નંદિતા ફોઈના ઘરે રહેવા આવે છે. પોતાના મોટા અને શણગારેલ ઘર કરતાં તેને અહીં વધુ આત્મીયતા અનુભવાય છે. તે આ પરિવારનો એક હિસ્સો બની જાય છે. યુવાન થતાં તેને જાણ થાય છે કે તેને માતા પાસે જવાનું છે. આ ઘરને છોડીને જવાના વિચારથી તે ઉદાસ થાય છે. પોતાને જ્યારે ખરી જરૂર હતી ત્યારે માતાનો પ્રેમ ન મળ્યો એ વિચારે માતા તરફ  તિરસ્કાર અનુભવે છે.

"શું સામાન બાંધીને અહીંથી લઈ જવો? શું આટલી ચીજવસ્તુઓ જ એનો સામાન હતી? પોતે કેવી અઢળક દોલતની સ્વામિની હતી. એ વાતની એની માને ખબર હતી? આ ઓરડાની દીવાલો પર એનાં શૈશવનાં સ્મરણો ઘોળાયાં હતાં, આ ટેબલલેમ્પ, મામૂલી અને સસ્તો;..." (પૃ. ૧૫૧)

**'કહે દિયા સો કહે દિયા' (તને સાચવે પારવતી, ૨૦૧૦)**

વૈશાલીએ પોતાના પિતાને ક્યારેય માતાની મદદ કરતાં જોયા નથી. તેને અનુભવ છે કે પુરુષો ઘરની બધી જવાબદારી સ્ત્રીઓ પર છોડીને લહેર કરે છે. આવું માનતી વૈશાલીને સમગ્ર પુરુષજાત પ્રત્યે ધિક્કાર છે. આથી જ તે એકલી જીવવાનું પસંદ કરે છે.

"જો મમ્મી, ઘરકામ અને કૂકિંગ. બાળકો સાચવવા, ઉછેરવા, એમને ભણાવવાની આજકાલ કેટલી રામાયણ છે! અને આ બધું પત્નીને માથે. એ વર્કિંગ વુમન હોય તો પણ અને પુરુષો લહેર કરે..." (પૃ. ૯૪)

આ જૂથમાં સ્ત્રી-પાત્રોનો અન્ય પાત્રો તરફનો તિરસ્કાર જણાય છે. વૈશાલીનો સમગ્ર પુરુષજાત તરફનો ધિક્કાર તેને લગ્ન ન કરવાના સંકલ્પ તરફ દોરી જાય છે. નીનીને જે સમયે માતૃપ્રેમની જરૂર હતી ત્યારે ન મળી શક્યો. ફોઈને ઘરે મોટી થયેલી નીની માતા પાસે જવાની વાતને નકારે છે. પતિના અન્ય સ્ત્રી સાથેના સંબંધોને કારણે તેમની તરફ તિરસ્કારનો ભાવ અનુભવતી બે સ્ત્રીઓ આ જૂથમાં છે.

કેવળ પુરુષો જ નહીં સ્ત્રી-પાત્રનો પણ લગ્નેતર સંબંધ આ જૂથમાં રજૂ થયો છે. માતાનો આવો સંબંધ યાદ આવતાં જ સલોની તેને તિરસ્કારે છે. પ્રમિલા સ્વાર્થીપણાની હદ ભૂલી જતાં શાળાના ટ્રસ્ટીઓને તિરસ્કારે છે. નયનાએ પ્રેમલગ્ન કર્યાં પછી પણ પતિ તરફથી રોજ માર ખાવો પડે છે. રસિક પોતાના પ્રેમને લાયક નથી એમ જાણતી તે તેને તિરસ્કારે છે.

### જૂથ-૫ : અફસોસ

કેટલીક વાર સ્ત્રી કોઈ મહત્ત્વની વ્યક્તિ કે વસ્તુ ગુમાવી દીધા પછી અફસોસ કરે છે. વિધવા સ્ત્રી પતિના નિધન બાદ ઘરમાં પોતાનું સ્થાન શોધે છે જે ન મળતાં અફસોસ અનુભવે છે. ઘણીવાર કોઈને ઓળખવામાં ભૂલ કરી હોય અને બાદમાં સત્ય સમજાય ત્યારે પણ અફસોસ થાય છે. આંધળા વિશ્વાસમાં આવીને અન્ય વ્યક્તિ સાથે સંબંધ બગાડી દીધા પછી પસ્તાવો થાય છે. ખોટો નિર્ણય લઈ લીધા પછી સ્ત્રી અફસોસ અનુભવે છે. મનમાં ધારી લે એ વાત ખોટી પડે ત્યારે પણ સ્ત્રીને આ સંવેદન થાય છે.

અફસોસ અનુભવતી સ્ત્રી સમય વીતી ગયા પછી કશું કરી શકતી નથી. અસમર્થતાને કારણે સ્ત્રી પોતાની જાત ઉપર જ ગુસ્સે થાય છે. અન્ય વ્યક્તિ તરફ પોતે કરેલ

ખોટું વર્તન તેને દુ:ખી કરે છે. તેને કરેલ કાર્યનો એને પસ્તાવો થાય છે. આથી ભૂલને સુધારવાનો પ્રયાસ કરે છે.

આ જૂથમાં ૭ વાર્તાઓનો સમાવેશ કર્યો છે. માવતરે લીધેલા પોતાના લગ્નનો નિર્ણય ખોટો છે એવું લાગતાં અફસોસ પામતી સ્ત્રીની મનોવ્યથા છે. પોતે ઉતાવળે કરેલ લગ્નફોકના વિચારને લીધે પસ્તાતી સ્ત્રીઓની વાત રજૂ થઈ છે. બાળકોમાં પોતે ઇચ્છતી હતી એવા સંસ્કાર ન રોપી શકવા બદલ પસ્તાવો કરતી સ્ત્રીની મથામણ છે.

**'વખ' (અનુરાધા, ૨૦૦૩)**

મૃણાલને ત્રણ સંતાનો છે. મોટો પુત્ર જય અભ્યાસમાં તેજસ્વી છે. મૃણાલ તેના ઉજ્જવળ ભવિષ્ય માટે હોસ્ટેલમાં ભણવા મૂકે છે. કોઈ કુમિત્રને છંદે ચડીને એ કેફી દ્રવ્યોનો બંધાણી બની જાય છે. તેને ચોરી કરવાની ટેવ પડી જાય છે. મૃણાલ અને પતિ નિરંજન તેને પાછો વાળવા ખૂબ પ્રયત્નો કરે છે. પરિણામ ન મળતાં બન્ને હારીને તેને તેની હાલત પર છોડી દે છે. હવે એ ક્યારેક આવીને ધમાલ કરે છે. ઘરમાં વેરણ-છેરણ કરી મૂકે છે. એને કારણે ભાઈ ઈશાન અને બહેન કરિશ્માનું ભવિષ્ય જોખમાય છે. મૃણાલે જયની કારકિર્દી માટે લીધેલ નિર્ણય ખોટો સાબિત થયો એ માટે તેને અફસોસ થાય છે. હવે જય માટે થઈને અન્ય બે બાળકોનું ભવિષ્ય જોખમમાં મૂકી રહી છે એ વિચારે તેનો અફસોસ વધે છે.

"એણે આંસુના પડદાની પાર જોયું. ઘર વેરણછેરણ હતું. જીવન પણ. કાચના તીક્ષ્ણ ચમકતા ટુકડાઓ... ક્યાં સુધી એ એકની એક ક્રિયા કર્યા કરશે?" (પૃ. ૧૬૮)

**'વચન પૂરું કરું છું' (કોઈ વાર થાય કે..., ૨૦૦૪)**

રમા અને વિનાયક ગામડેથી સંસ્કાર લઈને શહેરમાં આવે છે. વિનાયકના પિતા ગામડામાં ગોર હતા અને તેમની મોટી શાખ હતી. રમા અને વિનાયકે શહેરમાં આવતા પહેલાં પિતાને વચન આપ્યું હતું કે પોતે કોઈ ખોટું કામ નહીં કરે. વિનાયક પિતાને આપેલું વચન

પાળતો નથી. તે ગુનાખોરી અને દેશદ્રોહના કામમાં જોડાઈ જાય છે. જ્યારે રમાને આ વાતની જાણ થાય છે ત્યારે તે ગુસ્સે થાય છે. સસરાને આપેલું વચન પૂર્ણ કરી શકી નથી એ વાતે તેનો અફસોસ થાય છે. વર્ષોના સહવાસ પછી પણ પોતે વિનાયકને ઓળખવામાં થાપ ખાઈ ગઈ છે એ વાતે તેનો અફસોસ અનેકગણો વધી જાય છે.

**'ઊડી ગયેલું પંખી' (સાંજને ઉંબર, ૧૯૮૩)**

રંજુએ પરિમલ સાથે બીજાં લગ્ન કર્યાં છે. પરિમલ પોતે જેવો વિચારતી હતી તેવો જ હતો. એકદમ વ્યવસ્થિત અને જવાબદારીના સંપૂર્ણ ભાન વાળો. પૂર્વ પતિની જે ટેવો રંજુને ગમતી નહોતી, એ જ હવે તે પરિમલમાં શોધે છે. તેને અનુભવાય છે કે પોતે પરિમલ સાથે લગ્નની ઉતાવળ કરીને ભૂલ કરી છે.પોતે લીધેલી નિર્ણય બદલ રંજુ અફસોસ અનુભવે છે.

**'નવલખું મોતી' (બીલીપત્રનું ચોથું પાન, ૧૯૯૪)**

પૂર્વી માતાપિતાનું એકમાત્ર સંતાન છે. એકવાર તે માતા પાસેથી જાણે છે કે તેમણે એક પુત્રી કેતકીને દત્તક લીધી છે. અત્યાર સુધી ઘરમાં એકમાત્ર સંતાન તરીકે પોતે જે સુખ ભોગવ્યું છે, એમાં કોઈ ભાગીદાર છે એ વાત જાણી પૂર્વી ગુસ્સે થાય છે. કેતકીને રક્તપિત્તનો રોગ છે એમ જાણી તેને ધૃણા થાય છે. માતા તેને આશ્રમમાં કેતકીને મળવા જવાનું સૂચન કરે છે ત્યારે તેનો ક્રોધ ભભૂકી ઊઠે છે. કેતકી તરફના એક અજાણ ભયને કારણે તે તેને ધૃણા કરે છે.

માતાનું મન રાખવા એ આશ્રમમાં જાય છે. ત્યાં દર્દીઓની સ્થિતિ જોઈને તેનું હૃદય દ્રવી ઊઠે છે. તે જુએ છે કે સગાં-સ્વજનો હોવા છતાં રોગની બીકે આશ્રમમાં લોકો એકલા રહે છે. એમને જોઈ પૂર્વીને પીડા થાય છે. જેની સાથે લોહીનો સંબંધ નથી એવા લોકોને રોગીઓની નિ:સ્વાર્થ ભાવે સેવા કરતાં જોઈને તેની પોતાની હલકી મનોવૃત્તિ માટે અફસોસ થાય છે.

"એ હૉસ્પિટલમાં ફરવા લાગી... કેટકેટલાં લોકો અહીં હતા જે તોફાનમાં તૂટી ગયેલા વૃક્ષ જેવા દર્દીઓને ટેકો દઈ ફરી ધરતીમાં મૂળિયાં નાખવાની કોશિશ કરતાં હતાં– પ્રેમથી, માનવતાથી અને પ્રસન્નતાથી. તો કયો સંબંધ સાચો હતો? લોહીનો કે પ્રેમનો?" (પૃ. ૪૪)

**'શાંતિ' (ગાંઠે બાંધ્યું આકાશ, ૧૯૯૮)**

શાંતિનો પતિ પ્રકાશ અચાનક મૃત્યુ પામે છે. આખા ઘરનો ભાર ધીરે ધીરે અદૃશ્ય રીતે શાંતિ પર આવી જાય છે. શાંતિ ઘરનું દરેક કામ હોંશથી કરે છે. ઘરમાં કોઈ એને કશું કહેતું નથી. છતાંય એને એવું લાગ્યા કરે છે કે ઘરમાં તેનું સ્થાન એક નોકરાણીથી વિશેષ નથી. ઓશિયાળાપણાનો ભાવ અનુભવતી શાંતિને અફસોસ થાય છે.

"આશરો? શાંતિનાં હૃદયમાં શૂળની જેમ શબ્દો ભોંકાતાં. એટલે કે એ અસહાય છે અને આ લોકોએ એને આશ્રય આપીને એના પર ઉપકાર કર્યો છે?" (પૃ. ૧૬૬)

**'ગોકુળમાં ટહુક્યા મોર' (કોઈ વાર થાય કે..., ૨૦૦૪)**

મંજરીને ગુજરાતી ભાષા પ્રત્યે લગાવ છે અને વાચનનો ઘણો શોખ છે. લગ્ન પછી વધુ અભ્યાસ કરવાની ખેવના છે. ઘર અને પરિવારની જવાબદારીને કારણે એ શક્ય બનતું નથી. તે ઉદાસ થાય છે. તેના શોખને મધુકર તરફથી પ્રોત્સાહન ન મળતાં તેની ઉદાસી વધે છે. મધુકર ભલે પોતે વાંચતો નથી, પણ તેની ઠેકડી કરે છે. આથી તે નિરાશ થાય છે. મંજરીની ઇચ્છા છે કે પોતાનાં બાળકો માતૃભાષામાં શિક્ષણ લે. પણ એ શક્ય બનતું નથી. મધુકરને કારણે બાળકોને અંગ્રેજી શાળામાં મૂકવા પડ્યાં તેનો એને અફસોસ છે. બાળકોને પોતાની ભાષા માટે માન નથી એ વાત જાણીને તેનો અફસોસ વધી જાય છે.

"કાજલ, આપણે ગુજરાતી છીએ. પોતાની ભાષા, પોતાની સંસ્કૃતિ પર માણસને ગૌરવ હોય કે આમ ઉતારી પાડે?" (પૃ. ૧૧)

**'કોઈ વાર થાય કે...' (કોઈ વાર થાય કે..., ૨૦૦૪)**

શાલુને યાદ આવે છે કે સોલંકી ફક્કડરામ હતો. ભાઈ નિખિલે તેને સોલંકી સાથે પરણાવવા સમજાવી હતી. પરંતુ સોલંકી સાથે પોતાનું કોઈ ભવિષ્ય નથી એમ જાણતાં તેણે એ પ્રસ્તાવનો અસ્વીકાર કર્યો હતો. આજે એ આલીશાન ઘરમાં રાણીની માફક વૈભવશાળી જીવન જીવી રહી છે. પણ ધંધા માટે હંમેશા બહાર રહેતા પતિ અને બાળક વિના તેનું જીવન સૂનું છે. નાયિકાના એક આખરી વાક્યમાં તેનો સૂના જીવન પ્રત્યે તેનો અફસોસ છતો થાય છે.

"કહેવાનું શું છે સોલંકી? ભારતમાં અસંખ્ય યુવતીઓ મા-બાપના કહેવાથી ગોઠવાઈ જાય છે એમ હું પણ... તું જુએ છે મારે કોઈ કમી નથી." (પૃ. ૧૩૧)

આ જૂથમાં પુત્રને માટે લીધેલ ખોટા નિર્ણયને કારણે અફસોસ અનુભવતી મૃણાલ છે. પતિના નિધન બાદ શાંતિને ઓશિયાળું જીવન જીવવું પડ્યું એ માટે તેને અફસોસ થાય છે. સોલંકીને પસંદ કરતી હોવા છતાં તેની સાથે ન પરણી શકી તેનો અફસોસ શાલુની વાતમાં ડોકાય છે. મંજરી બાળકોને પોતાની માતૃભાષા માટે ગર્વ અપાવી શકી નથી તેનો અફસોસ તેની વાતોમાં દેખાય છે. રોગીઓની નિ:સ્વાર્થભાવે સેવા કરતાં લોકોને જોઈ પૂર્વી પોતે કરેલા હલકા વિચારોને કારણે અફસોસ અનુભવે છે.

**જૂથ-૬ : ડર**

સ્ત્રીઓ ભવિષ્યમાં અણધાર્યું બનશે એવી સંભાવનાઓથી ડરે છે. સતત અપમાન થવાનો ડર સ્ત્રીને સતાવે છે. અસામાજિક તત્ત્વોની બળજબરી અને એકલતાનો ભય સ્ત્રીઓને પજવે છે. શારીરિક શોષણનો ભોગ બનેલ સ્ત્રી તરત સહજ બની શકતી નથી.

ડરનો અનુભવ કરતી સ્ત્રી વારંવાર ગભરાઈ જાય છે. તેનું અંતર ફફડે છે. માનસિક અસ્વસ્થ બાળકીની માતા તેના ભવિષ્યની ચિંતા કરે છે. સમગ્ર જીવન પતિથી ડર્યા કરતી સ્ત્રી પતિના મૃત્યુ પછી મોકળાશ અનુભવે છે.

૬ વાર્તામાં ડરનું સંવેદન અનુભવતી સ્ત્રીઓ છે. જેમાં પતિના હિંસક પશુ જેવા વ્યવહારને કારણે ગભરુ પરિણીતાનો ડર છે. વિકલાંગ બાળકીના ભવિષ્ય માટે ચિંતિત માતાનો અકલ્પનીય ડર છે. અચાનક પતિ ગુમ થયા બાદની વેદના અને દીકરીઓની ચિંતામાં ડરેલી સ્ત્રીની માનસિક યાતના છે.

**'તને સાચવે પારવતી' (તને સાચવે પારવતી, ૨૦૧૦)**

રક્ષા અને નચિકેત પ્રેમી યુગલ છે. તે બંને એક જ ગોત્રનાં અને દૂરને સગપણે ભાઈ-બહેન થાય છે. ફોઈબાની વાત ન માનતા બંને લગ્નગ્રંથિથી જોડાય છે. રક્ષા ચાંદનીને જન્મ આપે છે. અમુક સમય પછી તેઓ જાણે છે કે ચાંદની માનસિક વિકલાંગ છે. પોતાને જ ખોળે આવી દીકરી મોકલી તેનું દુઃખ રક્ષા અનુભવે છે. નચિકેતની મદદથી તે ચાંદનીની ચાકરી કરે છે. એક સમય એવો આવે છે જ્યારે તે હિંમત હારી જાય છે. યુવાનીમાં પ્રવેશ કરતી ચાંદનીની સલામતીનો અજ્ઞાત ભય તેના મનને ઘેરી વળે છે. નચિકેત અને રક્ષાનો આ સંવાદ જુઓ:

"સમજુ છું રક્ષા. દીકરી છે ને! ક્યાં સુધી એને દુનિયાની નજરથી બચાવીને રાખી શકીશું? ઘરમાં પૂરીને તો નહીં જિવાય!"

"એક સ્ત્રી તરીકે અને મા તરીકે એ સત્ય હું ક્યારનીય જાણું છું નચિકેત. જેટલી વાર ઘરની બેલ રણકે છે, ચાંદનીને ઘરમાં રાખી, બારણું બંધ રાખી બહાર જ કામ પતાવી દઉં છું. વૉચમેન, બાજુવાળાનો નોકર, ધોબી... ચાંદની બહાર દોડી આવી, ગાઉન ઊંચો કરી પેટ પર ખંજવાળતી હતી અને પેલો..." (પૃ. ૧૮)

**'બળાત્કાર' (તને સાચવે પારવતી, ૨૦૧૦)**

મયૂરીનાં વેવિશાળ સમીર સાથે થયાં છે. એક દિવસ ફરવા જવાને બહાને સમીર તેની સાથે બળજબરીથી સંબંધ બાંધે છે. આ ઘટનાની તેના મન પર ઘેરી અસર પડે છે. તે

નિરાશ થાય છે. લગ્ન પછી તે ઘણી વાર સાહજિક બનવાનો પ્રયત્ન કરે છે. પરંતુ સમીરે પ્રથમ વખત કરેલી જબરદસ્તી તેના મનમાંથી નીકળી શકતી નથી. સમીરનું રોજનું પાશવી વર્તન તેને બળાત્કારની અનુભૂતિ કરાવે છે. સુવાવડ પછી સમીર તેને લેવા આવવાનો છે એ વાતથી તે ડરી ગઈ છે.

મયૂરી અખબારમાં એક છોકરી પર થયેલ બળાત્કારના સમાચાર વાંચે છે. આ સાથે જ તેને પોતાની વ્યથા યાદ આવે છે. પોતાના અનુભવથી તેને થાય છે કે જે સ્ત્રી પર આ વીતતું હશે એની શી દશા થતી હશે? વળી, જાહેરમાં તેની આબરૂ અને આત્મ-સન્માનના ધજાગરા ઊડી જતાં હશે! જાતભાતના પ્રશ્નોથી તેને પરેશાન કરવામાં આવતી હશે? આ બધા વિચારોથી તેને પીડા થાય છે.

"આટલા બધા અવાજોના કાન ફાડી નાખે એવા પીટાતા ઢોલમાં એક ગભરુ કિશોરીની હૃદયવિદારક પીડાની ચીસ કોઈનેય સંભળાતી નહોતી?" (પૃ. ૧૫૫)

**'બીલીપત્રનું ચોથું પાન' (બીલીપત્રનું ચોથું પાન, ૧૯૯૪)**

લીલાને જાણ થાય છે કે તે માતા બની શકવાની નથી. આ સમાચારે તે ઉદાસ થાય છે. તેની ઉદાસી દૂર કરવા પતિ નવીનચંદ્ર અનાથ બાળક દત્તક લેવાનું સૂચન કરે છે. બન્ને અનાથાશ્રમમાંથી નવજાત બાળક લઈ આવે છે. લીલા રાહુલને પંડના દીકરા જેટલો જ સ્નેહ કરે છે, પણ તેના મનમાં હંમેશા એક ચિંતા રહે છે. રાહુલ પોતાનું બાળક નથી એમ જાણ્યા પછી તેનો પ્રતિભાવ કેવો હશે એ વાતથી તે હંમેશા ડરેલી રહે છે. ભવિષ્યની અનિશ્ચિતતાને કારણે તેનો ડર વધતો જાય છે.

**'ભલે પધાર્યાં' (બીલીપત્રનું ચોથું પાન, ૧૯૯૪)**

નાતમાં પરમસુખકાકા ખૂબ જ મોટું નામ છે. જ્ઞાતિમાંથી સન્માનો અને માનપત્રો મળ્યાં છે. લોકો તેમની પ્રશંસા કરે છે. પણ ઘરમાં સ્થિતિ અલગ જ છે. હીરાકાકી હંમેશા કાકાની

સેવામાં ઊભાં રહે છે. કાકા ઘરમાં આવે ત્યારથી તેમના હુકમનું પાલન કરે છે. કાકી સતત એક ભયના ઓથાર હેઠળ જીવે છે. કાકાથી ફફડીને જીવતાં કાકીનો ડર ઉપસીને આવતો દેખાય છે. કાકાનો ક્રોધિત સ્વભાવ કાકીનો ડર વધારે છે.

"સાંજે પરમસુખકાકાને ઘરે આવવાનો સમય થતો અને અને કાકી ઘાંઘાં થઈ ઘરમાં આમતેમ દોડવા લાગતાં. છોકરાંઓ રડતાં, વળગી પડતાં. પણ કાકીનું એમનામાં ધ્યાન જ ન રહેતું. હમણાં પતિ આવશે ત્યારે શું માંગશે, બોલશે, લાવશે, કહેશે, મૂકશે – માત્ર એ ભયની ધરી પર એ ગોળગોળ ઘૂમતાં." (પૃ. ૫૯)

**'ગાંઠે બાંધ્યું આકાશ' (ગાંઠે બાંધ્યું આકાશ, ૧૯૯૮)**

મણિકાંત જ્ઞાતિના આગેવાન છે. સમાજમાં તેમની ખૂબ નામના છે. પણ ઘરમાં તેમની એક અલગ જ છબી છે. રુક્ષ્મણીબેન સાથે તેઓ તદ્દન ભિન્ન વ્યવહાર કરે છે. તેમને વારેવારે ઊતારી પાડે છે. પતિની બેવડી માનસિકતા રુક્ષ્મણીબેનને નિરાશ કરે છે. મણિકાંતના અહંકારી સ્વભાવ અને ગુસ્સો કરવાની આદતને લીધે રુક્ષ્મણીબેન હંમેશા ભયના ઓથાર હેઠળ જીવે છે. આ વિધાનમાં રુક્ષ્મણીબેનનો ડર છતો થાય છે, જુઓ:

"પોતે હાંફળાફાંફળા ઊઠવું પડશે. સવારે તો કહીને ગયાં હતાં કે હું જમવાનો નથી... ભલું હશે તો થાળીનો ચોકડીમાં ઘા અને કાં એવા લાલઘૂમ ડોળા તતડાવશે કે જંતરડાની જેમ ઘૂમ ઘૂમ કરતી નજરનો ફટકો જબરદસ્ત વાગશે. આવા ઘા કોને દેખાય?" (પૃ. ૨)

**'સપનાંનો વીંટો' (અનુરાધા, ૨૦૦૩)**

રસીલા અને કાંતિલાલ મુંબઈમાં સાધારણ પણ સંતોષી જીવન જીવે છે. તેમને બે દીકરીઓ છે. પતિ કાંતિલાલ એક ઓફિસમાં નોકરી કરે છે. એક દિવસ કામે ગયેલ કાંતિલાલ પાછો ફરતો નથી. રસીલાને ચિંતા થાય છે. કાંતિલાલ સાથે શું બન્યું હશે એ અજાણ્યા ડરથી તે

હબકી જાય છે. તેના ઘરની નીચે રહેતા ગુંડાઓ ઘર ખાલી કરાવવાની ધમકી આપે છે. તે સમજી જાય છે કે ગુંડાઓની નજર દીકરીઓ પર છે. પતિ ગુમ થયાની વેદનામાં ઉમેરો થાય છે અને મનમાં એક નવો ડર પ્રવેશે છે.

"મા-દીકરીઓ, ગભરુ પ્રાણી ઘવાઈને ખૂણામાં ગૂંચળું વળી પડ્યા રહે એમ એકમેકની સોડમાં લપાઈ રહ્યાં." (પૃ. ૧૫૧)

આ જૂથની નાયિકાઓ પારિવારિક સમસ્યાઓને કારણે ડર અનુભવતી જોવા મળે છે. બે વાર્તાઓમાં સમૃદ્ધ અને સુખી ઘરની સ્ત્રીઓનો ડર છે. પતિનો ક્રોધી સ્વભાવ તેમને હંમેશા ડરની ધરી પર રાખે છે. રક્ષાને ડર છે કે પોતે નહીં હોય ત્યારે ચાંદનીનું ધ્યાન કોણ રાખશે? રાહુલને દત્તક લીધા પછી લીલાને હંમેશા કાલ્પનિક ભય સતાવે છે. રાહુલ જો ચાલ્યો જશે તો પોતાનું શું થશે એ વિચારે તે ડરે છે. મયૂરીને બીક છે કે સમીર તેનું અપમાન કરીને પિયરથી લઈ જશે.

**જૂથ-૭ : ઇચ્છા**

સ્ત્રીને કશુંક મેળવવાની તીવ્ર ઝંખના હોય છે. કઈંક પામવાની અભિલાષા હોવી તે ભાવને ઇચ્છાનું સંવેદન કહેવાય છે. જેમાં શારીરિક ઇચ્છા, માનસિક રીતે કોઈનો સંગાથ મળે તેવો ભાવ રહેલો હોય છે. અતૃપ્ત ઝંખનાનું સંવેદન એ ઇચ્છા છે.

અમુક ઇચ્છાઓ પૂર્ણ ન થવાથી આંતર-મથામણ થાય છે. પોતે જે મેળવવા માગતી હોય તેની પાછળ રાત-દિવસ મથ્યા કરે છે. જ્યાં સુધી ઇચ્છિત વસ્તુ ન મળે ત્યાં સુધી સ્ત્રીને ચેન પડતું નથી.

આ જૂથની ૪ વાર્તાઓમાં ઇચ્છાનું સંવેદન રજૂ થયું છે. દૈહિક જરૂરિયાતો પૂર્ણ ન થવાનો અનુભવ કરતી સ્ત્રીની પીડા વધે છે. વાંઝિયાપણું હોવાને કારણે અકળાતી સ્ત્રીની વેદના છે.

**'તપ' (ગાંઠે બાંધ્યું આકાશ, ૧૯૯૮)**

વસંતનું જીવન પતિ કૃષ્ણકાંત સાથે ખુશ હતું. સાસુના નિધન બાદ કૃષ્ણકાંતને ભગવાનની સેવા કરવાનો વારસો મળે છે. કૃષ્ણકાંત પ્રભુભક્તિમાં લીન થઈ જાય છે. બે દીકરીઓનાં જન્મ પછી તે વસંત સાથેનો વ્યવહાર સાવ બંધ કરી દે છે. ઘરમાં રહેતા પણ સંસારમાં ન રહેતા પતિ સામે વસંતને આક્રોશ થાય છે. વસંતની દૈહિક જરૂરિયાતો છે. તેની તૃપ્તિ ન થવાને કારણે તે ઉદાસ રહે છે. તેની અતૃપ્ત ઇચ્છાનું સંવેદન અહીં જોઈ શકાય છે.

**'અલગ વિશ્વ' (એંધાણી, ૧૯૮૯)**

વીણાનો પતિ નીલાંબર સાલસ છે. વીણાને ઇચ્છા થતી કે નીલાંબર તેનાં વખાણ કરે, તેની તરફ ધ્યાન આપે. વીણાએ ઘરમાં કરેલ ફેરફારોની નોંધ લે. પણ તેની એ ઇચ્છા પૂરી નથી થતી. આમ થવાથી વીણા પોતાની એક આગવી દુનિયા બનાવી લે છે. રોજ રાત્રે તે સ્વપ્નમાં પોતાના પ્રિયતમ સાથે મનોવિહાર કરે છે. અહીં તેની અધૂરી ઇચ્છા દેખાય છે.

વીણાનો મોટો પુત્ર કાન્ત પતિ જેવો જ છે. તે કારણે વીણા તેને ચાહી નથી શકતી. એ વાતે તેનો અફસોસ છતો થાય છે.

**'મુક્તિ' (કોઈ વાર થાય કે..., ૨૦૦૪)**

ચંદન ચાળીસ વર્ષની થઈ છે. માતા-પિતાનાં નિધન બાદ નાના ભાઈ તરુણની સંભાળ લે છે. તેણે પોતાનું યૌવન ગુમાવી દીધું છે. તેની ઇચ્છા છે કે પોતાનું પણ એક ઘર અને સંસાર હોય. આ માટે તે તરુણથી થોડી મુક્ત થવા માગે છે. પ્રૌઢતાને આરે ઊભેલી ચંદન કોઈનો સંગાથ ઇચ્છે છે. અહીં તેની ઇચ્છા દેખાય છે.

"હા તરુણ. મને મારું ઘર, વર અને બાળકો જોઈએ છે... તું ગમે તેમ તોય, મારો ભાઈ છે તરુણ. મને એક પુરુષ જોઈએ છે. તું સમજે છે ને મારી વાત?" (પૃ. ૯૪)

"સોરી તરુણ, હું તને મારી જાત આપી શકું તેમ નથી. ભાઈ. મને મુક્તિ આપ."

(પૃ. ૯૩-૯૪)

**'ઝૂલતો ખાલી હીંચકો' (તને સાચવે પારવતી, ૨૦૧૦)**

મૃદુલા એક વખત સંતાન ગુમાવવાની વેદના અનુભવી ચૂકી છે. ત્યારબાદ તેને ઘણાં વર્ષોથી બાળક નથી. પડોશીનાં બાળકો સાથે તે ઓરમાયું વર્તન કરે છે. બાળક માટેની તેની અતૃપ્ત ઝંખના જોઈ શકાય છે.

આ જૂથમાં પતિનો પ્રેમ ઇચ્છતી અને નિરાશ થતી સ્ત્રીની ઇચ્છા રજૂ થઈ છે. ભાઈ માટે યુવાની સ્વાહા કરી દેનાર ચંદન મોટી વયે પુરુષનો સંગાથ ઇચ્છે છે. મૃદુલાની વ્યસ્તતામાં તેનું બાળક ન હોવાનું દુ:ખ દેખાય છે. પતિ તરફથી ઇચ્છિત સુખ ન મળવાને કારણે અતૃપ્તતા અનુભવતી વસંત છે.

## જૂથ-૮ : ક્રોધ

ક્રોધ એક સામાન્ય માનવીય ભાવના છે. સ્ત્રી સાથે અણગમતું કાર્ય કરવામાં આવે કે તેને ઉશ્કેરવામાં આવે ત્યારે તે ગુસ્સે થાય છે. તેની સાથે અન્યાય કરવામાં આવે, તેની વાતને અધવચ્ચેથી કાપી નાખવામાં આવે ત્યારે તે ક્રોધે ભરાય છે. પોતે જે ધાર્યું કે ઇચ્છ્યું હોય તે ન થાય તો તેને ક્રોધ આવે છે. પોતાની વાત અન્ય વ્યક્તિ ન માને તો તેને ગુસ્સો ચડે છે. સંબંધોમાં તાણ આવે ત્યારે વ્યક્તિ ક્રોધ કરે છે.

પતિ અને પુત્ર વચ્ચે પિસાતી નારીને ક્રોધ આવે છે. નાની વયે લગ્ન માટે છોકરો શોધતા પરિવાર સામે તરુણીનો ક્રોધ ભભૂકી ઊઠે છે. માતાના પ્રેમથી વંચિત યુવતીઓને મા પર ગુસ્સો આવે છે.

આ જૂથમાં ૪ વાર્તાઓનો સમાવેશ કર્યો છે. જેની નાયિકાઓ ક્રોધનું સંવેદન અનુભવે છે. સ્વજનો તરફથી ઉપેક્ષિત થતી સ્ત્રીઓ ક્રોધિત થાય છે.

**'લાલ ઘરચોળું' (કોઈ વાર થાય કે..., ૨૦૦૪)**

અમીએ ઘરમાં હંમેશા શાંતિ જોઈ છે. પપ્પા અને મમ્મી વચ્ચે તેણે ક્યારેય ઉગ્ર ચર્ચા કે ઝગડો જોયો નહોતો, તો બન્ને વચ્ચે સ્નેહભર્યાં દૃશ્યો પણ જોયાં નહોતાં. બંનેનો બેડરૂમ પણ અલગ હતો. આ શાંતિ તેને ખૂબ અકળાવનારી લાગતી હતી. માતાએ તેને ક્યારેય પ્રેમભર્યા શબ્દોથી બોલાવી નહોતી. માતાનું પોતા અને પિતા તરફનું ઉપેક્ષિત વર્તન તેનામાં ક્રોધની લાગણી જન્માવે છે.

"મનમાં થતું કે મૃત્યુ વખતે એ વ્યક્તિના આવા મનદુ:ખનાં પ્રસંગો યાદ ન કરાય. પણ તો શું કરું? વીણીચૂણીને થોડી બાદ કરતાં મારી પાસે સુખદ મધુર સ્મૃતિઓનો ભંડાર તો નહોતો. તેમાંય આ તો મા. પણ કદાચ એટલે જ મનમાં જૂની વાતોનુ ફીંડલું ઉખેળાતું હતું." (પૃ. ૧૦૭)

"કેટલીય નકશીકામની ચીજો શાળામાં હતી ત્યારે આ બધું જોવાનું, વીંખવાનું, કેટલું મન થતું! ચાવી કબાટમાં ભરાવું કે મા આવી પહોંચે. તારે શું જોઈએ છે મને કહે. તું ફેંદી નાખીશ. મને ખરાબ એ વાતનું લાગતું કે શું માની ચીજ પર મારો કોઈ અધિકાર નહોતો?" (પૃ. ૧૦૮)

**'પ્રેમાંકુર' (કોઈ વાર થાય કે..., ૨૦૦૪)**

શાંતિબા વૃધ્ધ સ્ત્રી છે. સરકારી વકીલ પતિ યશવંતરાય સાથે એ નાની વયે પરણ્યાં હતાં. તેઓ પતિ સાથે રહીને શિસ્તબદ્ધ રીતે ઘડાઈ ગયાં હતાં. પુત્ર હેમાંગને કડક વાતાવરણ પસંદ નહોતું. યશવંતરાય અને હેમાંગ વચ્ચે ચકમક થયા કરતી. એમાંથી, એકવાર થયેલા ઝગડાએ ઉગ્ર સ્વરૂપ ધારણ કર્યું અને હેમાંગ ઘર છોડીને ચાલ્યો ગયો. શાંતિબાને પુત્રની યાદ આવે છે ત્યારે તેઓ ઉદાસીમાં સરી પડે છે. ક્યારેક હેમાંગ અચાનક પાછો આવશે એ

આશા સાથે તે રોજ તેની રાહ જુએ છે. પણ એમ બનતું નથી એથી તેમની ઉદાસી ઘેરી બને છે. યશવંતરાય હેમાંગને ભૂલીને આગળ વધી ગયા છે એમ જાણીને તેમને ગુસ્સો આવે છે.

**'રીતુ નામની એક છોકરી' (એંધાણી, ૧૯૮૯)**

રીતુ સ્વપ્નવાદી છોકરી છે. તેને જીવનમાં કઈંક અનોખું કામ કરવાની તમન્ના છે. તે રોજ નવાં સ્વપ્નો જુએ છે. જેમાં તેની ઇચ્છા દેખાય છે. ઘરમાં તેના લગ્નની વાત શરૂ થાય છે. રીતુ જાણે છે કે લગ્ન થશે તો તેનાં સ્વપ્નો અધૂરાં રહી જશે. પોતાનાં લગ્નની ઉતાવળ કરવા બદલ તે ઘરના સભ્યો સામે ગુસ્સે થાય છે.

"બસ, આમ જ બારણું બંધ કરી પડી રહીશ. ખાઈશ નહીં, પીઈશ નહીં, સત્યાગ્રહ. ક્રાંતિનો ઝંડો ફરકાવશે ત્યારે જ ઘરનાં બધાંને ખ્યાલ આવશે કે રીતુ કઈંક છે." (પૃ. ૬૩)

**'બાવળનું ફૂલ' (અનુરાધા, ૨૦૦૩)**

સુષમા સરકારી નોકરી કરે છે. તેને પોતાની બા ફૂવડ લાગે છે. સુષમા બધો પગાર હાથમાં આપી દે છે છતાં તે નથી સારું પહેરતી કે નથી ઘરને સુઘડ રાખતી. આવી બા માટે તેને ગુસ્સો આવે છે. અન્ય ભાંડુઓ હોવા છતાં બાની જવાબદારી તેને એકલીને જ માથે પડી છે આથી તે મનોમન ચિડાય છે. પોતાની સહકાર્યકરોની સરસ તૈયાર થયેલી સાસુઓને જોઈને તેનો ક્રોધ ઓર વધે છે. આ વાક્યમાં તેનો ગુસ્સો દેખાય છે:

"તો હુંય ક્યાં નથી રાખતી બાને! આ ઘરની કેદમાંથી બધા ભાઈબહેન છટકી ગયાં, એ રહી ગઈ જેલમાં. જાણે જનમટીપ. હવે જીવતેજીવ તો અહીંથી છૂટકારો નથી. લોખંડી સળિયાવાળું આ કારાવાસ... ન અહીંથી છૂટકારો ન એકમેકથી છૂટકારો." (પૃ. ૩૧)

સુષમાને તેના પિતાએ માતાને કરેલી પજવણી વિશે અને બીજી સ્ત્રી સાથેના તેમના સંબંધ વિશે જાણ થતા તેને પોતાની બા પ્રત્યે અહોભાવ થાય છે. તે જાણે છે કે માતાએ બાળકોને શોક્યને સોંપવાને બદલે એકલા હાથે મોટાં કર્યાં છે આથી તેનો ગુસ્સો ઓગળી જાય

છે. તેનો ક્રોધ અફસોસમાં પરિવર્તિત થાય છે. આ વાર્તામાં બાનો પીડાનો ભાવ પણ જોઈ શકાય છે. પતિએ યુવાનીમાં કરેલ અન્યાયને તે બાળકો માટે જીરવી તો જાય છે પરંતુ, આજે પણ તેની આંખોમાં એ પીડા વાંચી શકાય છે.

"બાની બુઝાયેલી આંખોમાં રોષનો તણખો તગતગી ઊઠ્યો. – ન કેમ કહું? કહેતી'તી ને! પછી મારતા... ઘોડાગાડીનો ચાબુક... ડામ... ફાટી આંખે બાએ છાતી ઉપર જોરથી હાથ ભીડી દીધા." (પૃ. ૩૭)

આ જૂથની એક સ્ત્રી-પાત્ર સુષ્માને પોતાની બા તરફ ગુસ્સો છે. બીજા ભાઈ-બહેનો હોવા છતાં બાની જવાબદારી તેને જ શિરે છે. બા પોતાનું લગ્ન કરાવતી નથી એમ સમજીને સુષ્મા તેની પર ક્રોધે ભરાય છે. કિશોર અવસ્થામાં પોતાનાં લગ્ન નક્કી કરનાર પરિવારજનો પર રીતુ ગુસ્સે થાય છે. હેમાંગ પતિને કારણે ઘર છોડીને ચાલ્યો ગયો છે, એ વાતની પતિ પર કોઈ અસર નથી થતી એ જાણતા શાંતિબા પતિ પર રોષે ભરાય છે.

## જૂથ-૯ : ઈર્ષ્યા

ઈર્ષ્યા એ અસુરક્ષિતતાની ભાવનાને કારણે આવતું સંવેદન છે. પોતાની સાથે જોડાયેલ વ્યક્તિ પરત્વે અવિશ્વાસ હોવાને કારણે પણ ઈર્ષ્યા થાય છે. જે વસ્તુ અન્ય પાસે છે તે મારી પાસે કેમ નથી એવો ભાવ ઈર્ષ્યા જન્માવે છે.

સ્ત્રીને અન્ય સ્ત્રી કે વ્યક્તિ તરફ અદેખાઈનો ભાવ થાય છે. અન્ય પાસે જે છે તે મારી પાસે નથી એવો ભાવ પરસ્પર થાય ત્યારે ઈર્ષ્યા થાય છે. ઈર્ષિત સ્ત્રી તેની સાથે સરખામણી કરવાના પ્રયત્નો કરે છે. ઈર્ષ્યાનું સંવેદન વધી જાય તો સામેવાળી વ્યક્તિને નુકસાન કરી બેસે છે.

આ જૂથમાં એક વાર્તા છે. જેમાં એક છેડે સાવ ગરીબ અને બીજી તરફ સંપન્ન ઘરની સ્ત્રી છે. બન્ને સ્ત્રીપાત્રો એકબીજાથી ઈર્ષ્યા અનુભવે છે.

**'બાજી' (અનુરાધા, ૨૦૦૩)**

રંજન ફિલ્મ પ્રોડ્યુસર દેવરાજની પત્ની છે. સવી શાકભાજી વેચીને ગુજરાન ચલાવે છે. સવી અને રંજન બન્ને એકબીજા પ્રત્યે ઈર્ષ્યા અનુભવે છે. સવીને એમ લાગે છે કે રંજન દુનિયાની સૌથી નસીબદાર સ્ત્રી છે. સામે છેડે રંજનને કોઈ જવાબદારી વિનાની સવી સૌથી સુખી લાગે છે. એકબીજાની પીડાથી અજાણ બન્ને સ્ત્રીઓને પરસ્પર ઈર્ષ્યા જન્મે છે. સવીના આ વાક્યમાં છૂપી ઈર્ષ્યાનો તણખો દેખાય છે. જુઓ:

"મોડી બપોરે માલનો સંકેલો કરતાં, મનનો સંકેલો કેમે ન થતો. આ ઝાકઝમાળ દુનિયામાંથી, માથે વજન લઈ, આ આકરો ઢાળ ઊતરી જાવાનું તે છેક ક્યાં! નસકોરામાં દુર્ગંધ ભરાઈ જતી, ઉપર નજર જતી. કેવા લોક આંઈ આનંદમંગળ કરે છે! રંજનની બાલ્કની પર છેલ્લે નજર ઠરી જતી... હાથમાં ફોન ને એમાં મોં નાંખી ખિલખિલ હસે..." (પૃ. ૯૬)

આ જૂથની બન્ને સ્ત્રીઓ પરસ્પર ઈર્ષ્યા અનુભવે છે. કેવળ બાહ્ય સુખ જોઈને તેઓ અન્યને પોતાના કરતાં વધુ સુખી માને છે. કરોડો રૂપિયામાં આળોટતી રંજન અને સામાન્ય જીવન જીવતી સવી બન્ને અન્યની સ્થિતિથી અજાણ છે અને એકબીજાથી ઈર્ષિત થાય છે.

## પ્રકરણ સમાપન

વર્ષા અડાલજાની વાર્તાઓમાં સ્ત્રીવિષયક ભાવનાત્મક સંઘર્ષની પ્રક્રિયાનું આલેખન જોઈ શકાય છે. તેમનાં સ્ત્રી-પાત્રો વિવિધ પ્રકારના સંઘર્ષો અનુભવે છે. આ સંઘર્ષો ઉત્પન્ન થવા માટે અમુક કારણો ભાગ ભજવે છે. સ્ત્રી-પાત્રોને અનુભવાતી નકારાત્મક ભાવનાઓ માટે આ કારણો પ્રેરકબળ બને છે. જેમાં મુખ્યત્વે ગૃહકલેશ, ન ધારેલી પરિસ્થિતિનો સામનો, અપમાનજનક વ્યવહાર, ઇચ્છાપૂર્તિનો અભાવ વગેરે છે. આ સંઘર્ષને તીવ્ર બનાવવા ઘટનાઓ, વ્યક્તિ, વિચારો, વાતાવરણ કે પરિવેશ ઉદ્દીપક બને છે. આ સાથે અમુક ગૌણ ભાવનાઓ

સહાયક ભૂમિકા ભજવે છે. આ ઉદ્દીપકો અને ગૌણ ભાવનાઓ મળીને સ્ત્રીના સંઘર્ષને તીવ્ર કક્ષાએ લઈ જાય છે. જેમાંથી એક ચોક્કસ સંવેદન ઊભું થાય છે. આ સંવેદન નકારાત્મક હોવાથી સ્ત્રીની ચેતનાને વિખેરી નાખે છે. સમગ્ર પ્રકરણમાં સ્ત્રીઓને અનુભવાતાં નકારાત્મક સંવેદનો- પીડા, ઉદાસી, ઘૃણા, ભય, ડર, ક્રોધ, તિરસ્કાર, ઇચ્છા અને ઈર્ષ્યાનું સંવેદન ઓછા-વત્તા અંશે પ્રગટ થયું છે.

વર્ષા અડાલજાની વાર્તાઓને તપાસતાં જોઈ શકાય છે કે તેમની વાર્તાઓમાં સ્ત્રી-પાત્રોને અનુભવાતું પીડાનું સંવેદન વિશેષ છે. ઉદાસીનું સંવેદન બીજા ક્રમે છે. ત્યારબાદ તિરસ્કાર, ઘૃણા, અફસોસને ઉજાગર કરતી વાર્તાઓ છે. ઇચ્છા, ક્રોધ અને ડરની વાર્તાઓ ઓછી છે. ઈર્ષ્યાનું સંવેદન એક જ વાર્તામાં જોવા મળે છે.

સ્ત્રી-પાત્રો સંઘર્ષના પરિણામે તીવ્ર મનોમંથન અનુભવતાં જોઈ શકાય છે. જેમાં તેમનું આંતરિક ભાવવિશ્વ પ્રગટ થતું જોવા મળ્યું છે. પીડાની વેદના પાછળ બાળક ગુમાવ્યાનું દુ:ખ, પ્રિય વ્યક્તિ સાથેનો વિજોગ, શારીરિક તકલીફો, બળાત્કાર જેવાં પરિબળો જવાબદાર બને છે. શારીરિક બીમારી સ્ત્રીની પીડાનું કારણ બને છે. એથી વધુ પરિવારજનોનો જાકારો તેને અકથ્ય વેદના આપે છે. સ્ત્રી-પાત્રો બાળકોએ કરેલ અપમાન સહન ન થવાથી આઘાતમાં સરી પડે છે. અમુક કુટુંબમાં પુત્ર હોવો જ જોઈએ એવી માનસિકતા હોય છે. આ કારણે પુત્રવધૂ પર દબાણ લાવવામાં આવે છે. આ વિચારધારાનો વિરોધ કરતાં સ્ત્રી-પાત્રો મથામણ અનુભવે છે. પતિ સાથે વર્ષો સુધી રહેતાં અને પરિવારને સહર્ષ સાચવતાં સ્ત્રી-પાત્રોને પોતાની પ્રશંસા થાય એવી અપેક્ષા હોય છે. એ પૂર્ણ ન થતાં તે દુ:ખી થાય છે.

આંતરજ્ઞાતીય લગ્નનો નિર્ણય કરનાર પુત્રીને માતા સમજાવે છે. ભવિષ્યની કલ્પનાથી ચિંતિત માતાની સમજાવટ નિષ્ફળ જતાં તે દુ:ખી થાય છે. ગર્ભમાં પુત્રી છે એમ જાણી દંપતી ગર્ભપાત કરાવવા ઇચ્છે છે. શિક્ષિત સમાજના યુવકોની માનસિકતાને બદલી ન

શકતાં સ્ત્રી-પાત્રોની પીડા તીવ્ર બને છે. અમુક સ્ત્રી-પાત્રો સાસરીમાં ત્રાસનો ભોગ બની પિયરમાં ઓથ શોધે છે. પોતાનું પહેલાનું સ્થાન ગુમાવી દીધું છે એમ સમજતાં તેને વેદના થાય છે. ઘરેલુ હિંસાનો ભોગ બનેલ સ્ત્રી પતિને છોડી દેવાનું વિચારે છે. પરંતુ તે જાણે છે કે અન્ય સ્થાને પણ પુરુષોની કનડગત રહેવાની જ છે. આથી પરેશાન થાય છે. પરિવારને સાચવવા માટે સ્ત્રીઓ પોતાનો વિચાર નથી કરતી. પોતાના સુખનું બલિદાન આપીને કુટુંબીજનોને સાચવતી સ્ત્રીઓના સ્વમાન પર ઘા થાય ત્યારે આઘાત અનુભવે છે. અમુક સ્ત્રી-પાત્રો લગ્નની ઉંમર વીતી જતાં મનમાં ધરબાયેલી દૈહિક જરૂરિયાતો પૂર્ણ ન થતાં અજંપો અનુભવે છે.

ઉદાસી અનુભવતાં સ્ત્રી-પાત્રોની આકાંક્ષાઓનો ભંગ થતો જોવા મળે છે. ક્યારેક મનગમતું પાત્ર ન મળવાથી, સમાજના જડ નિયમો, જીવનની એકલતા અને ખાલીપો તેમની ઉદાસીનું કારણ બને છે. કોઈ ચોક્કસ ધ્યેયને પામવાની મથામણ, કઈંક મેળવવાની તીવ્ર ઝંખના, જિજ્ઞાસા વગેરે કારણો તેમની ઇચ્છાને ઉજાગર કરે છે. સ્ત્રી-પાત્રોના આંતરમનમાં રહેલ આ ઇચ્છાઓ પૂર્ણ ન થવાથી તેઓ સંઘર્ષની સ્થિતિમાં મુકાય છે. આ સંઘર્ષને કારણે તેઓ ઉદાસીમાં સરી પડે છે.

પતિના નિધન અને બાળકોની વ્યસ્તતા વૃધ્ધ સ્ત્રીની ઉદાસીમાં વધારો કરે છે. સ્વજનોનું ઉપેક્ષિત વર્તન, એકલતા, શારીરિક અક્ષમતા, બાળકોની અવહેલના તેમને સંઘર્ષ તરફ દોરી જાય છે. આ કારણે તે ઉદાસ થાય છે. ત્યક્તા સ્ત્રી-પાત્રો પિયરમાં સહારો મળશે એવી આશા રાખે છે. માવતરનું ઓરમાયું વર્તન તેમને નિરાશ કરે છે. સ્ત્રી-પાત્રોનું યોગ્ય ઉંમરે સંસાર ન માંડી શક્યાનું દુઃખ તીવ્રતા સાથે રજૂ થયું છે. અમુક સ્ત્રી-પાત્રો બાળપણની સ્મૃતિઓને મનમાં સંઘરી રાખે છે. બાળકો તેમની લાગણી સમજી ન શકતાં ઉદાસ થતી સ્ત્રીઓનો સંઘર્ષ રજૂ થયો છે. સહજીવનમાં સ્ત્રી-પાત્રો થોડી મોકળાશની અપેક્ષા રાખે છે. પતિનો તેના પરનો અંકુશ તેને ઉદાસીમાં મૂકે છે.

ધૃણા અનુભવતાં સ્ત્રી-પાત્રોના સંઘર્ષ પાછળ પુરુષવર્ગ ભાગ ભજવે છે. પિતાનો દુર્વ્યવહાર તેમના તરફની ધૃણાનું કારણ બને છે. શરીરભૂખ્યા પતિને ધૃણા કરતી સ્ત્રી તેનું ખૂન કરી નાખવા જેટલી હદે પહોંચી જાય છે. જેનાથી તેની ધૃણા કેટલી તીવ્ર હશે તેનો અંદાજ આવે છે. અપંગ બાળકીને સાચવતી સ્ત્રી પતિનો સહકાર ઇચ્છે છે. પતિનું બાળકી તરફનું નિ:સ્પૃહ વર્તન જોઈને તેને પતિ પ્રત્યે ધૃણા થાય છે. વિશ્વાસભંગ એ પણ સ્ત્રીની ધૃણા માટે મહત્ત્વનું પરિબળ બને છે. ભૂલથી ગુનો કરી બેસતાં સ્ત્રી-પાત્રોને પતિ પર વિશ્વાસ છે. તેમની ભ્રમણા ભાંગી જતાં પતિ તરફ ધૃણા થાય છે.

તિરસ્કારનું સંવેદન રજૂ કરવા વર્ષાબહેને મુખ્યત્વે પુરુષોનો લગ્નેતર સંબંધ મૂક્યો છે. તિરસ્કારના સંવેદન પાછળ પુરુષનો અણગમતો સ્પર્શ, માતાનો અનૈતિક સંબંધ, પુરુષોનું અસભ્ય વર્તન સહજીવનમાં પ્રમાણિકતાનો અભાવ જેવાં કારણો અસરકારક બન્યાં છે. નવી પેઢીનું પ્રતિનિધિ સ્ત્રી-પાત્ર જુએ છે કે પુરુષો ઘરનાં કોઈ કામમાં મદદ કરાવતા નથી. આથી સમગ્ર પુરુષજાતને નફરત કરે છે. આ સંઘર્ષ તીવ્ર બનતાં સ્ત્રી-પાત્રોનાં મન પર ઊંડી અસર થતી જોવા મળે છે.

સ્ત્રીનો અફસોસ વર્ણવવા ભૂતકાળની ભૂલો જવાબદાર બની છે. પોતે ઉતાવળે કરેલ નિર્ણયને પરિણામે સ્ત્રી-પાત્રોને અફસોસ થાય છે. પ્રથમ પતિ આર્થિક સદ્ધર ન હોવાથી સ્ત્રી તેને છોડી દે છે. અમુક સમયે પોતાની ભૂલ સમજાય છે તેથી અફસોસ થાય છે. વિધવા સ્ત્રીને ઘરમાં સ્થાન મળે છે કારણકે તેની પાસે ઘરનું કામ કરાવી શકાય. આ વાસ્તવિકતાનું ભાન થતાં તેને અફસોસ થાય છે. પતિ સ્ત્રી-પાત્રને લગ્નબાદ આગળનો અભ્યાસ કરવાનું વચન આપે છે. ગૃહસ્થીમાં અટવાયેલી સ્ત્રીનું એ સ્વપ્ન પૂરું ન થવાથી તેને અફસોસ થાય છે. પ્રિયપાત્ર સાથે લગ્ન ન કરી શકતી સ્ત્રી અન્ય પુરુષ સાથે સુખી રહેતી નથી.

ક્રોધની ભાવના પાછળ પતિ-પત્ની, માતા-પુત્રીના સંબંધો ભાગ ભજવે છે. સંબંધોમાં થતી તકરાર સ્ત્રીના ભાવવિશ્વ પર ગહન અસર કરે છે. જેના કારણે સ્ત્રી-પાત્રો પોતાની માનસિકતા ગુમાવી બેસે છે. પતિ અને પુત્ર વચ્ચે ઝગડો થતાં પુત્ર ઘર છોડીને ચાલ્યો જાય છે. પુત્રવિયોગનું કારણ પતિ છે એમ જાણતાં સ્ત્રીને પતિ તરફ ક્રોધ થાય છે. કિશોરીને નાની વયે પરણાવવાની હિલચાલ કરતાં પરિવારજનો તરફ ગુસ્સે થાય છે. કેટલાંક સ્ત્રી-પાત્રોનાં ક્રોધનું કારણ માતા બને છે. માતાનો પ્રેમ ન મળવાથી કિશોરી એટલી હદે ગુસ્સે છે કે માતાના અંતિમ સમયે પણ તે સહજ બની શકતી નથી. પોતાની અવૈવાહિક પરિસ્થિતિ માટે માતાને જવાબદાર માનતી યુવતી ગુસ્સે છે.

માનસિક અસ્વસ્થ બાળકીની સુરક્ષા, પતિનું પાશવી વર્તન અને અહંકારી સ્વભાવ સ્ત્રી-પાત્ર માટે ડરનું કારણ બને છે. પતિનો અકારણ ગુસ્સો સ્ત્રી-પાત્રોને હંમેશા ડરની ધરી પર રાખે છે. પતિનો ગૃહત્યાગ અને યુવાન થતી દીકરીઓની સલામતીની ચિંતાથી સ્ત્રી-પાત્રો ડરે છે.

અહીં સ્ત્રી-પાત્રોનું ઇચ્છાનું સંવેદન પણ રજૂ થયું છે. ઇચ્છાઓનું સંવેદન ધરાવતી સ્ત્રીઓની દૈહિક જરૂરિયાતો પૂર્ણ થતી નથી. નાના ભાઈ માટે યુવાનીનો ભોગ આપનાર બહેન પુરુષનો સંગાથ ઇચ્છે છે. પોતાનું બાળક હોય એવી ઝંખના પૂર્ણ ન થતાં સ્ત્રી-પાત્રો અન્યનાં બાળકો સાથે અકારણ ગુસ્સે થાય છે. આર્થિક વિષમતા સ્ત્રી-પાત્રોની ઈર્ષ્યા માટેનું પરિબળ બને છે.

આમ, વર્ષા અડાલજાની વાર્તાઓમાં સ્ત્રીવિષયક ભાવનાત્મક સંઘર્ષ અને સંવેદનોને સ્થાન મળ્યું છે. સામાન્ય લાગતી ઘટનાઓનું અને પરિસ્થિતિનું નિર્માણ કરીને તેમણે સ્ત્રી-પાત્રોના ભાવજગતમાં ડોકિયું કર્યું છે. સ્ત્રીઓના પ્રશ્નો અને તેમની સમસ્યાઓ તરફ અંગુલિનિર્દેશ કર્યો છે.